**સુવિચાર**

દરેક કામમાં સંબંધ મહત્વના હોય છે. માટે દરેક સાથે સંબંધ રાખો. લાંબા ગાળે સંબંધ કામમાં આવે છે. જૂના સંબંધો અને ઓળખાણ ભૂલી જતાં નહિ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૧૦/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૫૦

## નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ ઉપસ્થિત રહીને અમૃત કળશ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું

# પ્રતાપપરા, સાંગાડેરી, નાના આંકડીયા સહિતનાં ગામોમાં 'અમૃત કળશ' યાત્રા યોજાઈ

**વિવિધ ગામથી એકત્ર કરેલ માટીને અમૃત કળશમાં ભરીને દિલ્હી લઈ જવામાં આવશે**

**દિલ્હીમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ફરજ પરનાં શહીદોની યાદમાં ''અમૃત વન'' તૈયાર કરાશે**

**જિલ્લાની ૬૦૦ ગામ પંચાયત અને ૯ પાલિકા વિસ્તારમાં દેશભક્તિનું અભિયાન યોજાયું**

**અભિયાન દરમિયાન જિલ્લામાં ૭૧૪ વીરોનું સન્માન પણ કરાયું**



અમરેલી, તા. ૧૦

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ સાથે 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ યોજાયો હતો. તા. ૬ ઓકટોબરથી ૩૧ ઓકટોબર, ૨૦૨૩ સુધી મારી માટી–મારો દેશ, અમૃત કળશ યાત્રાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાષ્ટ્રભકિતના આ મહાપર્વમાં દેશના ગામે ગામથી એકઠી કરવામાં આવેલી માટીને દિલ્હી ખાતે લઈ જવામાં આવશે. આ કડીના ભાગરૂપે કાર્યક્રમના બીજા ચરણમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલીના પ્રતાપપરા, સાંગાડેરી, નાના આંકડીયા સહિતના વિવિધ ગામોમાં અમૃત કળશ યાત્રા યોજાઈ હતી.

અમરેલી જિલ્લામાં 'મારી માટી મારો દેશ' અભિયાન યોજાયું હતુ. જિલ્લામાં ૬૦૦ ગ્રામ પંચાયત, ૧૧ તાલુકા પંચાયત, ૯ નગરપાલિકા સહિતના વિસ્તારોમાં આ અભિયાન અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા અને સૌ નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર જિલ્લામાં ૬૨૦ શિલાફલકમનું અનાવરણ, ૬૪૪ અમૃત વિકાસ વાટિકાનું સર્જન, દેશીકુળ ના ૪૯,૨૫૮ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. જિલ્લામાં ૭૧૪ વીરોનું સન્માન પણ કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત ૩૮,૫૫૨ નાગરિકોએ મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત આ મહાપર્વમાં ભાગ લઈને પોતાની સેલ્ફી અપલોડ કરી હતી. દેશભકિતના આ મહાપર્વમાં ૫૭,૨૫૭ નાગરિકોએ રાષ્ટ્રગાન અને ધ્વજવંદન કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

'અમૃત કળશ' યાત્રા કાર્યક્રમમાં વિવિધ ગામની એકત્ર

**અનુસંધાન પાના ૬ ઉપર**

**શુભ પ્રસંગોને કાયમી સંભારણું બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ**

**અમરેલી શહેરનું નવલું નઝરાણું...** પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ...

**શહેરની મધ્યમાં ''રાજકમલ ચોક''માં ભવ્ય રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષમાં સુંદર, સુશોભિત, સગવડતા સાથે...**



લગ્નપ્રસંગ ▪ સંગીતસંધ્યા ▪ ચાંદલાવિધિ ▪ રીશેપ્શન ▪ બર્થડે પાર્ટી ▪ શ્રીમંતવિધિ
ભજન–ડાયરો ▪ વિવિધ સંસ્કારો માટે ▪ નાટક ▪ સ્કૂલ એન્યુઅલ ફંકશન
કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મિટીંગો ▪ એવોર્ડ ફંકશન ▪ પ્રાર્થનાસભા ▪ બેસણું.

વિવિધ પ્રસંગો માટે ૫૦ વ્યકિતથી ૫૦૦ વ્યકિતની કેપેસીટી (જગ્યા) ધરાવતું આધુનિક સગવડતાઓ સાથે અલ્ટ્રા મોર્ડન ૪ નાના–મોટા બેન્કવેટ એ.સી. ફંકશન હોલનું બુકિંગ શરૂ થઇ ગયું છે.

વ્યાજબી ભાડુ ▪ યોગ્ય કેટરર્સ ▪ ડેકોરેશન વિવિધ સર્વિસ સાથે...

: સ્થળ :
રોયલ પેરેડાઇઝ કોમ્પ્લેક્ષ, રાજકમલ ચોક, ટાવર રોડ, અમરેલી.

: સંપર્ક :
પિનાકીનભાઈ ચિતલીયા : મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪ / ૮૩૫૬૮ ૪૯૧૯૩

**ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ**



શ્રી મનીષાબેન નરેશભાઈ ત્રાપસીયા
ચેરમેન આરોગ્ય સમિતિ
જીલ્લા પંચાયત ગીર સોમનાથ

શ્રી ડાયાભાઈ જાલોંધરા
ચેરમેન કારોબારી સમિતિ જીલ્લા પંચાયત
ગીર સોમનાથ

શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ
ધારાસભ્યશ્રી : ઉના-ગીર ગઢડા
૯૩ વિધાનસભા

શ્રી ભગવતીબેન પ્રેમજીભાઈ સાંખટ
પ્રમુખ : તાલુકા પંચાયત ગીર ગઢડા

શ્રી દિવાળીબેન ભીખાભાઈ કોડેચા
ઉપપ્રમુખ : તાલુકા પંચાયત ગીર ગઢડા

શ્રી કાનજીભાઈ લાખાભાઈ બાંભણીયા
કારોબારી ચેરમેન
તાલુકા પંચાયત ગીર ગઢડા

શ્રી દુલાભાઈ મેઘાભાઈ ગુજજર
શાસક પક્ષનાં નેતા
તાલુકા પંચાયત ગીર ગઢડા

શ્રી ગણેશભાઈ જીણાભાઈ વાડદોરીયા
દંડક
તાલુકા પંચાયત ગીર ગઢડા

આપ સર્વેને આ હોદ્દાઓ મળવા બદલ
ખુબ ખુબ અભિનંદન સહ
આપના શાસનકાળમાં ઉના-ગીરગઢડા
પંથકનો સર્વાંગી વિકાસ થતો રહે
તેવી શુભકામનાઓ...

શ્રી કાળુભાઈ રૂપાલા
પ્રમુખ
તાલુકા ભાજપ ગીર ગઢડા

શ્રી ભીખાભાઈ કાળાભાઈ કિડેચા
પ્રતિનિધી : તાલુકા પંચાયત ઉપપ્રમુખ
નિવૃત ત.ક. મંત્રી ગીર ગઢડા

શ્રી પ્રવિણભાઈ સાંખટ
અનુ.જાતિ મોરચો જિલ્લા ભાજપ
પ્રતિનિધિ : તાલુકા પંચાયત પ્રમુખ
ગીર ગઢડા

: શુભેચ્છક :
**સમગ્ર ગીર ગઢડા તાલુકા ભાજપ પરિવાર**
મુ. ગીર ગઢડા, જી. ગીર સોમનાથ

## રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમ અને તેલગંણાનું પરિણામ જાહેર થશે

# આગામી ૩ ડીસેમ્બરનાં રોજ રાજકીય પક્ષોનું ભાવિ નક્કી થશે

**એનડીએ અથવા ઈન્ડિયા ગૃપને સફળતા મળે છે તેના પર એપ્રિલ–મે માં યોજાનારી ચૂંટણીનો મદાર રહેશે**

**દેશનાં બે સૌથી મોટા રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસનાં સર્વોચ્ચ નેતા નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીનું પણ ભાવિ નક્કી થશે**

**રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા, ઓબીસી મહિલાઓને અનામત અને જાતિ આધારિત વસ્તી ગણતરીનો પ્રભાવ પણ ખબર પડશે**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો કરિશ્મા, મજબૂત સંગઠન અને દેશનો વિકાસ કેટલો યોગ્ય છે તેની પણ પરીક્ષા થઈ જશે**


અમરેલી, તા. ૧૦

દેશનાં પાંચ રાજયો રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીશગઢ, તેલગંણા અને મિઝોરમ વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ છે અને તમામ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ ૩ ડિસેમ્બરનાં રોજ જાહેર થવાનું હોય સમગ્ર દેશવાસીઓની નજર આ દિવસ પર મંડાયેલી છે.

વર્તમાન સમયમાં પાંચમાંથી બે રાજયોમાં કોંગ્રેસ, એક



રાજયમાં ભાજપ, એકમાં બીઆરએસ




અને એકમાં સ્થાનિક પક્ષનું શાસન ચાલી રહ્યું છે. પાંચ વર્ષ પહેલા યોજાયેલ ચૂંટણીમાં કોંગ્રેસને ૩ રાજયમાં અને ભાજપને એકપણ રાજયમાં સફળતા મળી નથી પરંતુ મધ્યપ્રદેશમાં કોંગી નેતા જયોતિરાદિત્ય સિંધિયાનાં બળવાથી મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર બની હતી.

જો કે ઉપરોકત પાંચેય રાજયોમાં નિષ્ફળતા મળ્યા બાદ ૪ મહિના બાદ યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ભાજપને પ્રચંડ સફળતા મળી હતી અને પાંચ રાજયોની ૮૩ બેઠકોમાંથી ભાજપનો ૬૭ બેઠક પર વિજય થયો હતો. જે ભાજપને સત્તારૂઢ બનવામાં મહત્વની બેઠક હતી.

દેશની જુદી–જુદી સર્વે એજન્સીનાં દાવા પ્રમાણે આગામી મહિને યોજાનારી ચૂંટણીમાં પાંચમાંથી ૩ રાજયોમાં કોંગ્રેસને સફળતા મળે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. તો એકમાં સ્થાનિક અને એકમાં ભાજપને સફળતા મળે તેવું અનુમાન



છે. આજનાં દિવસે કોંગ્રેસની સફળતા



થોડી વધારે જોવા મળી રહી છે.

જો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આક્રમક શૈલી અને ગૃમંત્રી અમિત શાહની ચાણકયનીતિ કયારે પાસુ પલટાવી નાખે તે કહી શકાય તેમ નથી. ત્યારે સમગ્ર ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી સર્વે એજન્સીઓ પણ અવનવા તારણો રજૂ કર્યા કશે. ૩ ડિસેમ્બરનાં રોજ પરિણામ જાહેર થયા બાદ ભાજપનું કમળ ખિલે છે કે કોંગ્રેસનો પંજો મજબૂત થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

---

### તાલુકા પોલીસની ટીમે દરોડો પાડયો

## અમરેલીનાં પીપળલગ જવાનાં કાચા માર્ગ ઉપર જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**અન્ય ૩ પત્તાપ્રેમીઓને ઝડપવા ચક્રો ગતિમાન**

અમરેલી, તા. ૧૦

અમરેલીમાં રહેતા અકરમભાઈ રફીકભાઈ કાલવા, સાજીદભાઈ અલારખભાઈ કાલવા, અશગરભાઈ ઈકબાલભાઈ મહીડા, ઈરફાનભાઈ કાદરભાઈ બીલખીયા, અકરમભાઈ હાજીભાઈ સોલંકી, તનવીર ઉર્ફે કબુતર અમીનભાઈ બીલખીયા, ઈબ્રાહિમ અહમદભાઈ કચરા તથા ઈકબાલ રહિમભાઈ સોલંકી સહિત આઠ ઈસમો અમરેલી નજીક આવેલ ધોળીયા કુવાથી પીપળ લગ જવાના કાચા રસ્તે જોધપુરાભાઈ પીંજારાની વાડી પાસે આવેલ રસ્તા પાસે હાથબતીના અજવાળે જાહેરમા પૈસા–પાના વડે હાર–જીતનો જુગાર રમતાં હોય. અમરેલી તાલુકાકક્ષા પોલીસે દરોડા પાડી રોકડ રૂા. ૧૬,૩૩૦ હાથ બત્તી કિંમત રૂપિયા ૧૦૦ મળી કુલ રકમ રૂપિયા ૧૬,૪૩૦ના મુદ્દામાલ સાથે પ આરોપી ઝડપાઈ જઈ તથા ૩ આરોપીઓ નાસી જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

---

### શાહી સ્વાગત માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી

## ચલાલા ખાતે દાઉદી વ્હોરા સમાજનાં ધર્મગુરૂ સૈયદનાં મુફદલ સૈફુદીન સાહેબના આગમનનો ઉત્સાહ

**બેનર, લાઈટીંગ, સુશોભન દ્વારા દિવાળી જેવો માહોલ ઉભો થયો**

ચલાલા, તા. ૧૦

સમસ્ત વિશ્વને શાંતીનો સંદેશ આપનારા અને સ્વસ્તાનાં આગ્રહી એવા દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂ સૈયદનાં મુફદલ સૈફદીનનું આજે બુધવાર તા.૧૧/૧૦ નાર ચલાલામા સાંજના ૪ કલાકે આગમન થવાનું છે. ત્યારે તેમનાં શાહી સ્વાગત માટે ચલાલા મસ્ત વ્હોરા સમાજમા ભારે ઉત્સાહ, ઉમંગ સાથે ભારે થનગણાટ જોવા મળ્યો છે. જયાં રસ્તેથી ધર્મગુરૂ પધારવાનાં છે. એ રૂટ ધારી રોડ અને સાવરકુંડલા રોડથી મસ્જીદ સુધી અને શહેરની



બજારોમાં ગેટ, કમાનો, બેનર, તેમજ દરેક વ્હોરા સમાજને રંગરોગાન અને લાઈટ શુશોભનથી શણગાર કરવામાં આવ્યો છે. શહેરમા ઠેર–ઠેર ધર્મગુરૂનાં મોટા ધર્મગુરૂને લઈને બજારોમાં વિશેષ સફાઈ કરી બજારો ચોખી ચણાટ કરી દેવામાં આવી છે. ચલાલામાં દિવાળી જેવો માહોલ સર્જાયેલ છે. અન્ય સમાજમાં પણ ખુબ ઉત્સાહ, ઉમગ જોવા મળી રહયો ધર્મગુરૂનાં દર્શન કરવા ચલાલા શહેરીજનો અધિરા બન્યા છે. ધર્મગુરૂના દર્શન કરી શહેરીજનો ધન્યતા અનુભવશે.

---

### રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમની

## નવી દિલ્હી ખાતે ગૃહમંત્રી અમિત શાહ અને દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં બેઠક મળી

**અમુલના સભાસદો અમુલથી જ પરખાય તે ગુજરાતનું ગૌરવ**

અમરેલી, તા. ૧૦

નવી દિલ્હી મુકામે સોમવારના રોજ રાષ્ટ્રિય સહકારી વિકાસ નિગમ (એન.સી.ડી.સી.)ની ૮૯મી જનરલ કાઉન્સિલની બેઠક મળી હતી. જેમા. કેન્દ્રીય ગૃહ–સહકાર મંત્રી અમિતભાઈ શાહ અને વરિષ્ઠ સહકારી અગ્રણી દિલીપ સંઘાણી સહિત કાઉન્સિલ સભ્યો ઉપસ્થિત રહયા હતા.

કાઉન્સિલને સંબોધતા શાહે જણાવેલ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈનું સ્વપ્ન ''સહકાર થી સમૃદ્ધિ''ના વિઝનને એન.સી.ડી.સી. ઝડપભેર પૂર્ણ કરવા મથી રહેલ છે. નાણાકીય વર્ષના અનેક લક્ષાંકો પાર કરી ચુકેલ એન.સી.ડી.સી. ને કાઉન્સિલની બેઠકમાં બિરદાવી ગુજરાતની સહકારી પ્રવૃતિમાં અમુલના યોગદાન દ્રષ્ટાંત સ્વરૂપે ટાંકવામાં આવેલ.



કાઉન્સિલને સંબોધતા દિલીપ સંઘાણી એ જણાવેલ કે, સહકારી ક્ષેત્ર નવી ઓળખ બની ચુકયુ છેઉ અમુલની ૩૬ લાખ જેટલી મહિલાઓએ આજે 'અમુલ' તરીકે ઓળખ ધરાવે છે. તે માત્રને માત્ર સહકારની શકિતનું નિર્માણ છે. સહકારી પ્રવૃતિમાં સૌ કોઈ જોડાઈ શકે છે અને તેના સુચારૂ પરિણામો આ પ્રવૃતિમાં ચોકકસ જોવા મળે છે. તેમ સંઘાણીએ જણાવેલ.

સહકાર સાથે કરોડોની સંખ્યામાં લોકો સંકળાયેલા છે અને તેઓ રાષ્ટ્ર નિર્માણમાં સહકાર સૈનિક તરીકે દેશના વિકાસમાં યોગદાન આપી રહેલ છે. વધુમાં દિલીપ સંઘાણીએ જણાવેલ કે, સહકાર સાથે જોતરાયેલા અનેક નાના પરિવારો વિકાસ સાધી રહેલ છે, તેઓ વધુ વિકાસઅર્થે પણ સહકાર સાથે ઘનિષ્ઠતાથી સામેલ બની ગતિશીલ કાર્ય કરી રહયાનું દિલીપ સંઘાણીએ અખબારી યાદીના અંતમાં જણાવેલ છે.

---


## લેખક, પત્રકાર શ્રી તખુભાઈ સાંડસુરનો આજે જન્મદિન

ગારીયાધાર, તા.૧૦

ભાવનગર જિલ્લાના વેળાવદર ગામના વતની લેખક, પત્રકાર,કર્મશીલ તખુભાઈ સાંડસુરનો આજે ૬૩મો જન્મદિવસ છે.

તેઓ સાહિત્ય સાથે વર્ષોથી સંકળાયેલાં છે. ગુજરાતના સાહિત્ય જગતને તેઓએ સાત પુસ્તકોની ભેટ આપી છે. પર્યાવરણ અને અન્યસામાજિક પ્રવૃત્તિઓ કરીને તેઓ અનેકવિધ રીતે કર્મશીલની ભૂમિકા ભજવી રહ્યાં છે.આજે પણ તેઓ સમાજજીવનના પ્રશ્નો માટે પોતાની કલમ અને કસમથી ઉપયોગ કરી ઉકેલ લાવતાં રહ્યાં છે.

ગુજરાત રાજય શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ નામની અવૈધૈક સંસ્થાના સંયોજક તરીકે તેઓ અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપી રહ્યાં છે.આજે તેમના જન્મદિવસ



નિમિત્તે ગુજરાતની સંસ્થાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીને તેઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા છે. તેઓ જન્મદિવસની વિશેષ ઉજવણી કેક કાપીને કરતાં નથી. પણ તેમના જન્મદિવસને સામાજિક પ્રવૃત્તિ સાથે જોડવાનો તેઓએ અનેક વખત પ્રયત્ન જરૂર કર્યો છે અને તે સફળ રહ્યો છે. શુભેચ્છાઓ મો.૯૪૨૭૫૬૦૩૬૬

---


### મેલડીમાંના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા આયોજન

## બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાંના સાંનિધ્યમાં નવરાત્રિનાં પર્વની ઉજવણી કરાશે

**૧૨૦૦ જેટલી બાળાઓ પ્રાચીન રાસ ગરબાઓ રમી માતાજીની આરાધનાં કરશે**

બાબરા, તા. ૧૦

બાબરામાં નિલવળા રોડના કાંઠે બિરાજતા શ્રી વડલીવાળી મેલડીમાંના સાંનિયમાં નવરાત્રીના પર્વની ભવ્ય અને દિવ્ય ઉજવણીનું સુંદર આયોજન માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે અહીં શ્રી મેલડીમાં ના મંદિરે અને તેમના સાંનિધ્યમાં દર વર્ષે આસો સુદ નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે જેમાં બાબરા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારની બાળાઓ ભાતીગળ પોશાકમાં માતાજીના ગરબા રમવા આવે છે.અહીં મેલડીમાં પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સેવક સમુદાય દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અહીં આયોજીત નવરાત્રી મહોત્સવમાં ૩ વર્ષથી ૧૭ વરસ સુધીની બાળાઓ ગરબે રમવા માટે રજિસ્ટ્રેશન કરાવે છે તેવી બાળાઓ આશરે ૧૨૦૦ વધુ પ્રાચીન ગરબે રમી માતાજીની આરાધના કરશે આ સિવાય અન્ય મહિલાઓ અને માતાઓ પણ માતાજીની રાસે રમી આરાધના કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

શકે છે અહીં માત્ર દીકરીઓ અને માતાઓ બહેનો માટે રાસે રમવાની છૂટ છે અન્ય કોઈ પુરૂષને મેદાનમાં આવવાની કે ફોટા શુટીંગ કરવાની સખત મનાય છે અને તેના માટે પૂરતા મેદાનમાં સ્વયંસેવક હાજર રહે છે.

અહીં આયોજિત નવરાત્રીમાં ૩ વરસ થી ૧૭ વરસની દિકરીને ભાગ લીધો છે એ તમામ દીકરીઓ બાળાઓને સાંજે મહાપ્રસાદ મેળવી રાસ ગરબામાં જવાનું અને અંતિમ દિવસે તમામ દીકરીઓને લ્હાણી વિતરણ રાજુભાઈ જેઠવા પરિવાર દ્વારા કરવામાં આવશે.

---

# ચલાલા : હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં વાલી દિવસ ઉજવાયો



શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ દર વર્ષે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ બોર્ડના સુંદર રીઝલ્ટ લાવી અને બાળકોનું જીવન ઘડતર જ તેમનો મુખ્ય ઉદેશ્ય છે તેવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તેમજ હરિબા મહિલા કોલેજમાં વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં બધા વાલીઓ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દીકરા/દીકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે પોતાના ઘરેથી સરસ મજાની રસોઈ બનાવીને ટીફીન અને નાસ્તો તેમની મનપસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી અને બાળકોએ પણ પ્રોજેકટર ધ્વારા ખૂબ સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડીયે ટેસ્ટ લેવાય છે, નબળા વિષયો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે તમે ચિંતા ના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષકારક જવાબ બાળકોએ આપ્યો હતો. પૂ. રતિદાદાના આશીર્વાદ સાથે બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખૂબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. શાળાના ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા અચાર્ય શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## જિલ્લાકક્ષાનાં મુખ્ય શહેરમાં પાલિકાનાં નવનિયુકત શાસકો સક્રીય બને

# સ્વચ્છતા, સ્ટ્રીટલાઈટ અને સડકની સુવિધા વગર શહેર સુંદર ન બને

### શહેરમાં જિલ્લાભરમાંથી જનતા આવતી હોય શહેરની સુંદરતાની ખામી સૌની નજરે ચડતી હોય છે

### શહેરની ભાગોળેથી પસાર થતાં બાયપાસ માર્ગ પરની મોટાભાગની સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં છે

### શહેરમાં અંદાજિત ૫૦થી વધુ સ્થળોએ ઉકડરા જોવા મળતા હોય તેઓને યુધ્ધનાં ધોરણે દૂર કરવા જરૂરી

### શહેરમાંથી પસાર થતાં માર્ગ-મકાન વિભાગ હસ્તકનાં મહત્વનાં ચિતલ રોડ અને વરસડા રોડની પણ હાલત દયનીય

અમરેલી, તા. ૧૦

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક હોવાથી જિલ્લાભરમાંથી નાગરિકો સરકારી કે ખરીદી સહિતનાં કામ અર્થે દરરોજ મોટી સંખ્યામાં આવતાં હોય છે. શહેરીજનોની સંખ્યા પણ સવા લાખ જેવી હોય તેના માટે સારા માર્ગો, સ્વચ્છતા અને સ્ટ્રીટલાઈટની સુવિધા આપવી એ અમરેલી પાલિકાની પ્રાથમિકતા છે. કારણ કે રાજય અને કેન્દ્ર સરકાર દર વર્ષે કરોડો રૂપિયાની સહાય શહેરની સુંદરતા માટે ફાળવતી હોય છે.

અમરેલી શહેરમાં નૂતન હાઈસ્કૂલની દીવાલ નજીક લગાવી ત્યારથી ૩ થી ૪ સ્ટ્રીટ લાઈટ બંધ છે તો ગળ હોસ્પિટલથી લઈને એરપોર્ટ સુધી બ્યુટિફિકેશનમાં લાગેલ મોટાભાગની સ્ટ્રીટલાઈટ મહિનાઓથી બંધ છે તેમજ બાયપાસ માર્ગ પર તુલસી પાર્ટી પ્લોટથી શરૂ કરીને સ્મશાન અને અયોધ્યા બિલ્ડીંગ સુધીની લાઈટ પણ મહિનાઓથી બંધ છે તેમજ શહેરનાં અનેક માર્ગો, રહેણાંક વિસ્તારમાં પણ સ્ટ્રીટલાઈટબંધની સમસ્યા જોવા મળે છે.

તદુઉપરાંત પાલિકા કચેરી નજીક આવેલ માર્ગ પણ અતિ ભયજનક બન્યો છે જયાં દિવસ-રાત ધુળની ડમરીઓ ઉડી રહી છે. ભોજલરામ મંદિર નજીક પાઈપ લગાવવા માટે માર્ગને તોડી પડાયા બાદ તેનું રીપેરીંગ યોગ્ય રીતે કરવામાં આવેલ નથી અને માર્ગ–મકાન વિભાગ હસ્તકનો સોમનાથ મંદિરથી સરદાર સર્કલ અને ત્યાંથી ઠેબી જળાશય થઈને ગીરીયા ખોડિયાર મંદિર સુધી અને સરદાર સર્કલથી વરસડા બાયપાસ સુધીનો માર્ગ પણ અતિ બિસ્માર બનતા શહેરીજનો અને વાહનચાલકો માર્ગ મરામતની માંગ કરી રહ્યાં છે.

તદુઉપરાંત શહેરમાં ઠેકઠેકાણે ગંદકીનાં દ્રશ્યો રોજિંદા બન્યા છે. અંતરિયાળ વિસ્તાર ઉપરાંત જાહેર માર્ગ પર ગંદકીનાં ગંજ ખડકાયા હોય પાલિકાનાં નગરસેવકો દર અઠવાડીયે પોતપોતાના વિસ્તારની સ્ટ્રીટલાઈટ, માર્ગો કે ગંદકી અંગેનું નિરીક્ષણ કરે તો તેને ખ્યાલ આવે કે શહેરીજનો કેટલા પેરશાન થઈ રહ્યાં છે.

---

### અંદાજિત ૨૦૦ કિલો વજનનાં સામાનની ચોરી

## બગસરાનાં માણેકવાડા ગામે મારૂતિ સ્ટોન ક્રશરમાંથી ટોગલ સહિતનાં મુદ્દામાલની ઉઠાંતરી

### ગણતરીનાં કલાકોમાં જ પોલીસે આરોપીની કરી અટકાયત

બગસરા, તા. ૧૦

બગસરા તાલુકાનાં માણેકવાડા ગામે બીલખા રોડ ઉપર આવેલ મારૂતિ સ્ટોન ક્રશરનાં ખુલ્લા મેદાનમાંથી ગત તા. ૫/૧૦નાં રાત્રીના સવા દસેક વાગ્યાથી તા. ૬/૧૦નાં સવારનાં પોણા છ વાગ્યા દરમિયાન સ્ટોન ક્રશર મશીનમાંથી એક લોખંડનું ટોગલ જેનું વજન આશરે ૧૦૦ કિલો જેની કિંમત રૂપિયા ૫૩,૦૦૦ તથા એક પીતળની દોગલપીન જેનું વજન આશરે ૫૦થી ૬૦ કિલો જેની કિંમત રૂપિયા ૪૫,૦૦૦ની તથા ટોગલ તથા બે પીતળના બ્રાસ જેનું વજન આશરે ૧૫–૧૫ કિલોનું છે જે બન્ને બ્રાસની કિંમત રૂપિયા ૩૦,૦૦૦ની મળી કુલ રૂપિયા ૧,૨૮,૦૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

સદરહું ગુન્હાની તપાસ દરમિયાન બગસરા પોલીસે આરોપી રવિ મોહનભાઈ ઠાકોર રહે. છાસા તા. ધોરાજી મુળ રહે. દનાદરાવાળાને ઝડપી લઈ ચોરીમાં ગયેલ સ્ટોન ક્રશરના મશીનની એક પિતળની ટોગલ પીન આશરે કિંમત રૂા. ૪૫,૦૦૦ તેમજ ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ તેમજ આ આરોપીએ લાઠીના ભુરખીયા ગામે આવેલ જય ભુરખીયા સ્ટોન કવોરી નામના ભરડીયામાંથી પણ સ્ટોન ક્રશરના મશીનની ત્રણ પિતળની ટોગલ પીન જેની આશરે કિંમત રૂપિયા ૧,૩૫,૦૦૦ સહિતના મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

---

### સશકત કિશોરી સુપોષિત ગુજરાત અભિયાન અંતર્ગત આયોજન

## અમરેલી જિલ્લામાં આજથી ૩ દિવસ સુધી આંત્તરરાષ્ટ્રીય દીકરી દિવસ નિમિત્તે કિશોરી મેળા યોજાશે

### મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તડામાર તૈયારીઓ

અમરેલી, તા. ૧૦

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક મહિલા કલ્યાણ વિભાગ હેઠળ વર્ષ ૨૦૧૫થી બેટી બચાઓ બેટી પઢાઓ યોજના તથા વ્હાલી દીકરી યોજના વર્ષ ૨૦૧૯થી તથા આઈ.સી.ડી.એસ. ખાતે વર્ષ ૨૦૧૮ થી પૂર્ણા યોજના કાર્યાન્વિત છે. આ તમામ યોજનાઓના સૂચકાંક દીકરી જન્મને પ્રોત્સાહન, દીકરીઓના શિક્ષણ, પોષણ, બાળ લગ્ન, સલામતી અને સુરક્ષા મુખ્ય હોવાથી આ યોજનાઓનું સંકલન ભારત સરકારની થીમ ''સશકત કિશોરી સુપોષિત ગુજરાત'' હેઠળ સંયુકત ઉપક્રમે જિલ્લા તથા તાલુકા કક્ષાએ તા. ૧૧ ઓકટોબરથી ૧૩ ઓકટોબર–૨૦૨૩ સુધી ''સશકત કિશોરી સુપોષિત ગુજરાત'' થીમ હેઠળ ''કિશોરી મેળા''નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્વરક્ષણ તાલીમ અને સાયબર ક્રાઈમ વિષે જાગૃતિ, કિશોરીઓ માટે વિવિધ વિભાગો દ્વારા કાર્યરત યોજનાઓના સ્ટોલ, મિલેટસ અને પૂર્ણાશકિતમાંથી બનતી વિવિધ વાનગીઓનું નિદર્શન, વિવિધ નિષ્ણાંતો દ્વારા જુદા જુદા વિષયો અંગે માર્ગદર્શન અને જનજાગૃતિ અર્થે સંદેશાઓ પ્રસારણ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે, તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારી અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### બન્ને સાઢુભાઈ બાઈક ઉપર પત્નીને તેડવા જતાં હોય

## અમરેલીનાં ઈશ્વરીયા નજીક ડબલ સવારી બાઈકને અજાણી કારે હડફેટે લીધું

### એક વ્યકિતનું મોત અન્ય એકને ઈજા

અમરેલી, તા. ૧૦

અમરેલીનાં ઈશ્વરીયા પાસે ડબલ સવાર બાઈકને અજાણી કારે ઠોકરે લેતા બે સગા સાઢુભાઈને ગંભીર ઈજા થવાથી રાજકોટ ખસેડવામાં આવ્યા હતા જેમાં એકનું મોત નિપજયું છે જયારે એકની હાલત વધુ ગંભીર જણાઈ રહી છે. બન્ને સાઢુભાઈ લાઠીના ભુરખીયા ગામે માવતરનાં ઘરે શ્રધ્ધા કરવા ગયેલી પત્નીને તેડવા જતાં હતા ત્યારે રાત્રીના અકસ્માત સર્જાયો હતો.

બનાવની મળતી વિગત મુજબ અમરેલી આરટીઓ કચેરી પાસે આવેલા મનસીટીમાં રહેતા વિક્રમભાઈ આનંદભાઈ બારૈયા (ઉ.વ. ૩૧) અને તેના સાઢુ જગદીશભાઈ રમેશભાઈ શેખર (ઉ.વ. ૩૦) બન્ને રાત્રીના મોટરસાઈકલ લઈ લાઠીનાં ભુરખીયા ગામે જઈ રહ્યા હતા ત્યારે ઈશ્વરીયા ગામ પાસે સામેથી પુરપાટ ઝડપે આવતી અજાણી કારે બાઈકને ઠોકરે લેતા બન્ને યુવક રોડ પર ફંગોળાતા માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજા થતાં પ્રથમ લાઠી બાદ વધુ સારવાર માટે રાજકોટની વેદાંત અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં જગદીશભાઈએ દમ તોડી દીધો હતો.

બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે અમરેલી તાલુકા પોલીસને બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે અમરેલી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક જગદીશભાઈ મજૂરી કામ કરે છે અને ત્રણ ભાઈ એક બહેનમાં બીજા નંબરે હતા સંતાનમાં એક પુત્ર છે. જયારે વિક્રમભાઈ ગેરેજમાં કામ કરે છે.

બન્ને સાઢુભાઈ થતાં હોય અને બન્નેની પત્ની ભુરખીયા ગામે માવતરના ઘરે શ્રાધ્ધ કરવા ગઈ હતી આથી તેને તેડવા જતી વખતે અકસ્માત નડયો હતો. બનાવના પગલે અકસ્માત સર્જી નાશી જનાર અજાણ્યા કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પિતૃપક્ષનાં શ્રાદ્ધ નિમિત્તે
મીઠીગુંદી ■ મગીયા લાડુ ■ ચુરમાના લાડુ
મોહનથાળ ■ ગુલાબજાંબુ ■ ટોપરાપાક
સ્પે. ખમણ
હાજરમાં મળશે
ખજૂરની ચટણી સાથે...
શિવ (ધારીવાળા)
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬












### દિલ્હી એક્સસાઈઝ પોલિસી કેસમાં આપના સાંસદની મુશ્કેલી વધી

# આપના સાંસદ સંજયસિંહના કોર્ટે ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ લંબાવ્યા

### ઈડીએ ૪ ઓક્ટોબરના રોજ સંજય સિંહની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી ત્યારબાદ તેમને પાંચ દિવસના ઈડી રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી એકસાઈઝ પોલિસી મામલે ધરપકડ કરવામાં આવેલ આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહની ઈડી રિમાન્ડ કોર્ટે ૧૩ ઓક્ટોબર સુધી લંબાવી છે. ઈડીએ ૪ ઓક્ટોબરના રોજ સંજય સિંહની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. ત્યારબાદ તેમને પાંચ દિવસના ઈડી રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા. સંજય સિંહના રિમાન્ડ પૂરા થતાં તેમને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તેમની ઈડી રિમાન્ડ લંબાવી દીધી છે.

સુનાવણી દરમિયાન સંજય સિંહે કહ્યું કે, મને રાત્રે ૧૦:૩૦ વાગ્યે કહ્યું કે, તમને બહાર લઈ જવામાં આવી રહ્યા છે. તો તેમને પૂછવા પર જણાવ્યું કે, તમને તુગલક રોડ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી રહ્યા છે. ત્યારબાદ મેં ફરી સવાલ કર્યો કે, શું તેના માટે તમે જજની પર્મિશન લીધી છે? મારા અડવા પર તેમણે કહ્યું કે, મને લખીને આપો. મેં લખીને આપ્યું. બીજા દિવસે પણ આવું જ થયું. આનો અર્થ એ છે કે, તેમનો બીજો એજન્ડા છે.

સિંહે કહ્યું કે, હવે જજ સાહેબ એમને પૂછો કે, કયા ઉપરના વ્યક્તિના કહેવા પર મને ઉપર મોકલાવી તૈયારી કરવામાં આવી હતી. આ એમને પૂછો. મારી માત્ર એટલી જ વિનંતી છે કે, જ્યાં પણ લઈ જાઓ જજ સાહેબને બતાવી દો. આ દરમિયાન સંજય સિંહને તેમના પરિવાર અને વકીલને ૧૦ મિનિટ મળવાની મંજૂરી કોર્ટે આપી હતી.

સુનાવણી દરમિયાન ઈડીએ સંજય સિંહની ૫ દિવસની રિમાન્ડ માંગી અને કહ્યું કે, તેઓ સવાલના યોગ્ય રીતે જવાબ નથી આપી રહ્યા. તેમને તેમના ફોનના ડેટા વિશે પૂછવામાં આવ્યું તો તેના વિશે પણ તેમણે સંતોષકારક જવાબ ન આપ્યો.

કોર્ટના સવાલના જવાબમાં ઈડી તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે, તાજેતરમાં ચંદીગઢમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જે બિઝનેસમેનની નિશાનદેહી પર દરોડા પાડવામાં આવ્યા હતા તેમનું નિવેદન નોંધવામાં આવ્યું છે અને તેમણે કેટલીક મહત્વપૂર્ણ માહિતી આપી છે જેનો ખુલાસો અત્યારે કરી શકાય તેમ નથી.

બીજી તરફ સંજય સિંહના વકીલ રેબેકા જોને કહ્યું કે, કસ્ટડી કોઈ અધિકાર નથી, કે જે માંગવા પર એમ જ મળી જાય. તેના માટે તપાસ એજન્સી પર પૂરતા કારણો હોવા જોઈએ. છેલ્લા પાંચ દિવસમાં તેમણે એવા સવાલ પૂછ્યા જેના તપાસ સાથે કોઈ મતલબ જ નથી.

### ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના યુદ્ધનો ચોથો દિવસ

# ભારત આતંકવાદના તમામ રૂપોની કડક ટીકા કરે છે : મોદી

નવી દિલ્હી, તા.૧૦

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના યુદ્ધનો આજે ચોથો દિવસ છે, ત્યારે ઈઝરાયેલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂએ આજે મંગળવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી છે. પીએમ મોદીએ એક્સ પર લખ્યું કે, હું ઈઝરાયેલની વર્તમાન સ્થિતિ અંગે અપડેટ આપનાર વડાપ્રધાન નેતન્યાહૂનો ધન્યવાદ કરું છું. ભારતના લોકો આ મુશ્કેલ પરિસ્થિતિમાં ઈઝારયેલ સાથે મજબુતી સાથે ઉભો છે. ભારત આતંકવાદના તમામ રૂપોની કડક ટીકા કરે છે.

આતંકવાદી સંગઠન હમાસે શનિવારે ઈઝરાયેલ પર આડેધડ ગોળીબાર અને મિસાઈલ મારો ચલાવ્યો છે, ત્યારે પીએમ મોદીએ હુમલાની નિંદા કરી ઈઝરાયેલ સાથે એકતા દર્શાવી છે. મોદીએ આ ઘટનાને આતંકવાદી હુમલો કહી કડક ટીકા કરી છે. મોદીએ કહ્યું કે, ઈઝરાયેલમાં આતંકવાદી હુમલાનું જાણી દુઃખ થયું. હુમલામાં અસગ્રસ્ત પીડિતો અને તેમના પરિવારજનો પ્રત્યે અમારી સંવેદના અને પ્રાર્થના છે. અમે આ વિકટ પરિસ્થિતિમાં ઈઝરાયેલ સાથે મજબુતી સાથે ઉભા છીએ.

ભારતમાં ઈઝરાયેલના રાજદૂત નાઓર ગિલોને અગાઉ કહ્યું હતું કે, તેમના દેશને ભારતના મજબુત સમર્થનની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, ભારત એક પ્રભાવશાળી દેશ છે અને તે આતંકવાદના પડકારને સમજે છે અને આ સંકટને પણ સારી રીતે જાણે છે. આ સમયે હમાસનો અત્યાચાર અટકાવવા અમને તમામ ક્ષમતા આપવી ખુબ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, અમને ભારત તરફથી ભારે સમર્થન મળ્યું છે. અમને આશા છે કે, વિશ્વના તમામ દેશો સેંકડો ઈઝરાયેલી નાગરિકો, મહિલાઓ, વૃદ્ધો અને બાળકોની નિર્દોષ હત્યા અને અપહરણની નિંદા કરશે. આ અસ્વિકાર્ય છે.

પેલેસ્ટાઈનના આતંકી સંગઠન હમાસે ઈઝરાયેલ પણ અણધારો હુમલો કરતા મધ્ય પૂર્વમાં યુધ્ધ ફાટી નિકળ્યું છે. જ્યારે પશ્ચિમી દેશોએ હમાસના હુમલાને લઈને ઈઝરાયેલને સમર્થન આપ્યું છે, ત્યારે પશ્ચિમ એશિયાના ઈસ્લામિક દેશો પેલેસ્ટાઈનના સમર્થનમાં એક સાથે ઉભા છે. દરમિયાન બંને દેશો વચ્ચેના યુદ્ધમાં અત્યાર સુધીમાં લગભગ ૧૬૦૦ લોકોના મોત થયા છે, તો સેંકડો લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. આ સ્થિતિ વચ્ચે હમાસે ધમકી આપી છે કે જો ગાઝા પટ્ટી પર હુમલા બંધ નહીં થાય તો તે ઈઝરાયેલના બંધકોને મારી નાખશે. હમાસ દ્વારા ઈઝરાયેલના ૩૦થી વધુ લોકોને બંધક બનાવીને રાખ્યા છે.

### દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગું ફૂંકાયું

# પાંચમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની સરકાર બનવાની શક્યતા

### લોકસભા૨૦૨૪ માટે એનડીએ ઇન્ડિયા આઘાડી એકબીજાની સામે હોવાથી આ પાંચ રાજ્યની વિધાન સભાની ચૂંટણીને સેમી ફાઇનલના રુપે જોવામાં આવી રહી છે

મુંબઇ, તા.૧૦

દેશના પાંચ રાજ્ય ની વિધાન સભા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઇ ગયું છે. કેન્દ્રિય ચૂંટણી પંચે છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમની વિધાન સભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. આ પાંચ રાજ્યમાં ૫ થી ૩૦ નવેમ્બર દરમીયાન ચૂંટણી યોજાનાર છે. જ્યારે ૩ ડિસેમ્બરે મત ગણતરી થશે. લોકસભા૨૦૨૪ માટે એનડીએ ઇન્ડિયા આઘાડી એકબીજાની સામે હોવાથી આ પાંચ રાજ્યની વિધાન સભાની ચૂંટણીને સેમી ફાઇનલના રુપે જોવામાં આવી રહી છે. ત્યારે હાલમાં જ થયેલ એક સર્વે મુજબ આ પાંચ રાજ્યમાંથી ત્રણ રાજ્યમાં કોંગ્રેસની સરકાર બનશે તેવા તારણો મળ્યા છે.

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે સારા વોટ ડિફ્ન્સથી ભાજપને હરાવી હતી. તેથી હવે અન્ય રાજ્યમાં પણ કોંગ્રેસનો દબદબો વધી રહ્યો છે. ત્યારે આ સર્વે મુજબ પાંચમાંથી ત્રણ રાજ્યમાં કોંગ્રેસને મોટું યશ મળશે અને ભાજપને ઘેર ભેગા થવું પડશે તેવી વિગતો જાણવા મળી છે. આ સર્વેના ઓપીનીયન પોલ મુજબ મિઝોરમમાં કોઇ પણ પક્ષને બહૂમતી નહીં મળે. મિઝોરમમાં વિધાનસભાની ૪૦ બેઠકો છે. ત્યારે અહીં સત્તાધારી મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ) સૌથી મોટો પક્ષ સાબિત થશે. અને તેની પાછળ કોંગ્રેસ બીજા ક્રમાંકે રહેશે. અહીં એમએનએફને ૧૩ થી ૧૭ બેઠકો, કોંગ્રેસને ૧૦ થી ૧૪ બેઠકો મળવાની શક્યકતાઓ છે.

ઓપીનયન પોલ મુજબ તેલંગાણામાં હાલમાં સત્તાધારી બીઆરએસ પક્ષ અને કોંગ્રેસ વચ્ચે હૂંસાતૂસીની જંગ છે. અહીં વિધાન સભાની ૧૧૯ બેઠકોમાંતી બીઆરએસને ૪૩ થી ૪૫ બેઠકો મળવાની શક્યતાઓ છે. જ્યારે કોગ્રેસને ૪૮ થી ૬૦ બેઠકો મળી શકે છે. જ્યારે અહીં ભાજપને ૫ થી ૧૧ બેઠકો પર સમાધાન માનવું પડશે. સર્વે મુજબ કોંગ્રેસને લગભગ ૩૯ ટકા વોટ મળશે જે પાછલી ચૂંટણીની સરખામણીમાં ૧૦.૫ ટકા વધારે છે. જ્યારે સત્તાધારી બીઆરએસને પાછલી ચૂંટણીની સરખામણીમાં ૯.૪ ટકા ઓછા વોટ મળશે. જ્યારે ભાજપને ફાળે માત્ર ૧૬ ટકા વોટ જશે. પાછલી ચૂંટણીની સરખામણીમાં આ વખતે ભાજપને ૯.૩ ટકા વધુ વોટ મળશે. અહીં કોંગ્રેસની ૪૮ થી ૬૦ બેઠકો પર જીત થઇ શકે છે. ભાજપ ૫ થી ૧૧ બેઠકો પર, બીઆરએસ ૪૩ થી ૫૫ જ્યારે અન્ય ને ફાળે ૫ થી ૧૧ બેઠકો જશે.

છત્તીસગઢમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્પર્ધા થવાની છે. સર્વે મુજબ અહીં કોંગ્રેસને ૪૫ ટકા વોટ મળશે. જ્યારે ભાજપને ૪૪ ટકા વોટ મળશે. અહીં કુલ ૯૦ બેઠકો છે ત્યારે બહૂમતી મેળવવા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર થશે. અહીં કોંગ્રેસને ૪૫ થઈ ૫૧, ભાજપને ૩૯ થી ૪૫અને અન્યને ૦ થી ૨ બેઠકો મળવાની શક્યતા છે. મધ્ય પ્રદેશનાં સત્તાફેર થશે તેવું ચિત્ર આ સર્વેમાં દેખાઇ રહ્યું છે. અહીં કોંગ્રેસને સત્તા સ્થાપવાની સારી તક મળી શકે છે. કારણ કે અહીં કોંગ્રેસ અને ભાજપ બંનને ૪૫ ટકા વોટ મળવાની શક્યતાઓ છે. અહીં વિધાનસભાની કુલ ૨૩૦ બેઠકો છે. જેમાં કોંગ્રેસને ૧૧૩થી ૧૨૫ બેઠકો મળી શકે છે. જ્યારે ભાજપને ૧૦૪થી ૧૧૬ બેઠકો મળવાની શક્યતા છે. એટલે કે બહુમતી માટેનો ૧૧૬નો આંકડો કોંગ્રેસ આસાનીથી પાર કરી શકશે.

રાજસ્થાનમાં ભાજપની ભવ્ય જીત થતી દેખાઇ રહી છે. અહીં ૨૦૦ બેઠકોમાંથી ૧૨૭ થી ૧૩૭ બેઠકો ભાજપને ફાળે જાય તેવી શક્યતાઓ છે. જ્યારે કોંગ્રેસને ૫૯ થી ૬૯ બેઠકો મળી શકે છે.

### ત્રણ દિવસથી ચાલી રહેલા યુધ્ધની વચ્ચે હમાસને ચેતવણી

# હમાસે યુદ્ધ શરૂ કર્યું, અમે ખતમ કરીશુ: નેતન્યાહુની ચેતવણી

### ઇઝરાયેલ યુદ્ધની સ્થિતિમાં છે, અમે આ યુદ્ધ ઇચ્છતા ન હતા, આ યુદ્ધ અત્યંત ક્રૂર રીતે શરૂ કરવામાં આવ્યું હોવાનો ઈઝરાયેલના વડાપ્રધાનનો દાવો

જેરૂસલેમ, તા.૧૦

આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલ પર રોકેટ મારો કર્યા બાદ ૭મી ઓકટોબરથી ઈઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. અહેવાલ મુજબ આ ૩ દિવસમાં પેલેસ્ટાઇનના ગાઝા અને વેસ્ટ બેંકમાં યુદ્ધના કારણે ૭૦૪ લોકોના મોત થયા છે અને ૨,૬૧૬ લોકો ઘાયલ થયા છે, જ્યારે ઈઝરાયેલમાં ૯૦૦ લોકોના મોત થયા છે અને ૩૮૦૦ લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસને કડક ચેતવણી આપતા કહ્યું કે ઈઝરાયેલે આ યુદ્ધ શરૂ નથી કર્યું પરંતુ અમે તેને ખતમ અમે કરીશું.

ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુએ એક સંબોધનમાં કહ્યું, “ઈઝરાયેલ યુદ્ધની સ્થિતિમાં છે. અમે આ યુદ્ધ ઈચ્છતા ન હતા. આ યુદ્ધ અત્યંત ક્રૂર રીતે શરૂ કરવામાં આવ્યું હતું. જો કે ઈઝરાયેલે આ યુદ્ધ શરૂ કર્યું નથી, પરંતુ ઈઝરાયેલ તેનો અંત લાવશે.”

હમાસને ચેતવણી આપતા વડા પ્રધાન નેતન્યાહુએ કહ્યું કે હમાસને આની કિંમત ચૂકવવી પડશે અને જેને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે. હમાસ સમજી જશે કે તેમણે અમારા પર હુમલો કરીને ઐતિહાસિક ભૂલ કરી છે. અમે એવી કિંમત વસુલીશું જેને હમાસ અને ઈઝરાયેલના અન્ય દુશ્મનો આવનારા દાયકાઓ સુધી યાદ રાખશે. બંધકોની દુર્દશા અંગે વડા પ્રધાન નેતન્યાહુએ કહ્યું કે નિર્દોષ ઈઝરાયલીઓ વિરુદ્ધ હમાસ દ્વારા કરવામાં આવેલા ક્રૂર હુમલાઓ આઘાતજનક છે. તેઓ ઘરોમાં ઘૂસીને પરિવારોને મારી રહ્યા છે, ફેસ્ટીવલમાં સેંકડો યુવાનોને મારી નાખ્યા, બાળકો અને વૃદ્ધોનું અપહરણકર્યું. આ ક્રુરતા છે.નેતન્યાહુએ હમાસની તુલના આઈએસઆઈએસ સાથે કરી અને તેને હરાવવા એકજુટ થવા માટે આહ્વાન કર્યું. આ સિવાય તેમણે પોતાના સંબોધન દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને વિશ્વના અન્ય નેતાઓનો પણ તેમના સમર્થન માટે આભાર માન્યો હતો. તેમણે કહ્યું, હમાસ સામે લડીને, ઈઝરાયેલ માત્ર પોતાના લોકો માટે જ નથી લડી રહ્યું. તે દરેક દેશ માટે લડી રહ્યું છે જે ક્રુરતા સામે ઊભું છે. ઈઝરાયેલ આ યુદ્ધ જીતશે અને જ્યારે ઈઝરાયેલ જીતશે, ત્યારે સમગ્ર સભ્ય વિશ્વ જીતશે.

હમાસે યુદ્ધ શરૂ કર્યા બાદ ઈઝરાયેલે ૩,૦૦,૦૦૦ સૈનિકોને એકત્ર કરીને જવાબી કાર્યવાહી શરુ કરી હતી. હમાસે ઈઝરાયેલની સેનાને ચેતવણી આપતા કહ્યું કે જો ઈઝરાયેલ ગાઝામાં લોકોને નિશાન બનાવશે તો નાગરિક બંધકોને ચેતવણી આપ્યા વિના મારી નાખવામાં આવશે અને હત્યાઓનું પ્રસારણ કરવામાં આવશે. એક અહેવાલ અનુસાર, હમાસે દાવો કર્યો છે કે તેણે ઈઝરાયેલી સેનાના અધિકારીઓ સહિત ૧૦૦થી વધુ લોકોને બંધક બનાવ્યા છે

### રાજ્યમાં યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ વધ્યું

# જામનગરના ૧૩ વર્ષના કિશોરનું મુંબઈમાં હાર્ટએટેકથી મોત

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં યુવાનો હાર્ટ એટેક આવતાં મોતને ભેટી રહ્યાંની ઘટનાઓ વધી રહી છે. ત્યારે હવે બાળકોને પણ હાર્ટ એટેકનું એટલું જ જોખમ હોય તેવું દેખાઈ રહ્યું છે.

તાજેતરમાં જ એક વિદ્યાર્થીની ક્લાસમાં અચાનક ઢળી પડી હતી. ત્યારે જામનગરના ૧૩ વર્ષના કિશોરનું મુંબઈમાં હાર્ટ એટેક આવવાના કારણે મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. મૃતક વિદ્યાર્થી મુંબઈમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગરની કામદાર કોલોનીમાં રહેતા વેપારી સચીનભાઈ ગંઢેચાના ૧૩ વર્ષના પુત્ર ઓમનું મુંબઈમાં હાર્ટ એટેકનો હુમલો આવતાં મોત નિપજ્યું છે. ઓમ મુંબઈમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે તેને આજે સવારે અચાનક હૃદય રોગનો હુમલો થયો હતો. આજે તેના મૃતદેહને જામનગર લાવવામાં આવી રહ્યો છે અને બપોર બાદ તેની અંતિમયાત્રા કાઢવામાં આવશે. પુત્રના મોતના સમાચારથી પરિવારમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

### ભારતીય ટીમે વન-ડે વર્લ્ડ કપમાં વિજયી શરૂઆત કરી

# રાહુલના ૭ ઇનિંગસમાં ૧૦૧ની એવરેજથી ૪૦૨ રન, ગિલથી પાછળ

### ગિલે ૬ ઇનિંગ્સમાં ૮૧ની સરેરાશથી ૪૦૩ રનમાંર સદી અને ૨ અડધી સદી ફટકારી, જ્યારે વિરાટ કોહલીએ ૪ ઇનિંગમાં ૨૬૬ રન કર્યા છે

નવી દિલ્હી, તા.૧૦

ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપ ૨૦૨૩ની શરૂઆત જીત સાથે કરી છે. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ટીમે ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટે હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાની ટીમ પહેલા રમતા ૧૯૯ રન જ બનાવી શકી હતી.

જવાબમાં ભારતીય ટીમે ૪ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. કેએલ રાહુલ ૯૭ રન બનાવીને અણનમ રહ્યો, જ્યારે વિરાટ કોહલીએ પણ ૮૫ રનની મહત્વની ઈનિંગ રમી. ભારતીય ટીમ તેની બીજી મેચમાં ૧૧ ઓક્ટોબર બુધવારે અફઘાનિસ્તાન સામે ટકરાશે. આ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાવાની છે. વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની જવાબદારી કેએલ રાહુલ પર રહેશે. ઈજામાંથી પરત ફર્યા બાદ તેણે અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે.૩૧ વર્ષીય કેએલ રાહુલ આઈપીએલ ૨૦૨૩ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. આ પછી તેણે સીધો એશિયા કપમાં પ્રવેશ કર્યો હતો. આવી સ્થિતિમાં તેના પ્રદર્શન પર સવાલો ઉઠી રહ્યા હતા, કારણ કે આ પહેલાં તે કંઈ ખાસ કરી શક્યો ન હતો. ટીમ મેનેજમેન્ટ તરફથી તેને નવી ભૂમિકા મળી છે. તે હવે વિકેટકીપર તરીકે રમી રહ્યો છે. ઈજા બાદ વાપસી કરતા રાહુલે અત્યાર સુધી ૭ ઈનિંગ્સમાં ૧૦૧ની એવરેજથી ૪૦૨ રન બનાવ્યા છે. ૧૧૧ રન અણનમ શ્રેષ્ઠ પ્રદર્શન છે. એક સદી અને ૩ અડધી સદી ફટકારી છે. સ્ટ્રાઈક રેટ ૯૨ રહ્યો છે. આ દરમિયાન તેણે વિરાટ કોહલી કરતા વધુ રન બનાવ્યા છે.જ્યારથી કેએલ રાહુલ ઈજા બાદ પરત ફર્યો છે, ત્યારથી તે રન બનાવવાના મામલે માત્ર શુભમન ગિલથી પાછળ છે. રાહુલ એવરેજ અને રનના મામલે કેપ્ટન રોહિત શર્મા કરતા પણ આગળ છે. આ સમયગાળા દરમિયાન ગિલે ૬ ઈનિંગ્સમાં ૮૧ની સરેરાશથી ૪૦૩ રન બનાવ્યા છે. ૨ સદી અને ૨ અડધી સદી ફટકારી છે. જ્યારે વિરાટ કોહલીએ ૪ ઈનિંગમાં ૨૬૬ રન અને રોહિત શર્માએ ૫ ઈનિંગ્સમાં ૧૯૦ રન બનાવ્યા છે. ઓસ્ટ્રેલિયા સામે ચેન્નાઈમાં રમાયેલી મેચની વાત કરીએ તો એક સમયે ટીમ ૨ રનમાં ૩ વિકેટ ગુમાવીને સંઘર્ષ કરી રહી હતી. આ પછી રાહુલ અને વિરાટે સદીની ભાગીદારી કરીને ટીમની જીત સુનિશ્ચિત કરી હતી.

આઈપીએલટીમ લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન કેએલ રાહુલે અત્યાર સુધી વન-ડેની ૫૯ ઈનિંગ્સમાં ૫૦ની એવરેજથી ૨૩૮૮ રન બનાવ્યા છે. તેણે ૬ સદી અને ૧૬ અડધી સદી ફટકારી છે. એટલે કે તેણે ૨૨ વખત ૫૦થી વધુ રનની ઈનિંગ્સ રમી છે. ૧૧૨ રન તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી છે. નંબર-૫ પર તેનો રેકોર્ડ પણ સારો છે. રાહુલે વન-ડેની ૨૧ ઈનિંગ્સમાં નંબર-૫ પર ૫૭ની એવરેજથી ૯૦૪ રન બનાવ્યા છે. એક સદી અને ૮ અડધી સદી ફટકારી છે. સ્ટ્રાઈક રેટ ૯૭ છે.

કેએલ રાહુલને પણ ખરાબ પ્રદર્શનના કારણે ટીમમાંથી બહાર કરવો પડ્યો હતો. તેની પાસેથી વાઈસ કેપ્ટન્સી પણ છીનવી લેવામાં આવી હતી. તેના પર રાહુલે કહ્યું કે મારી ખૂબ ટીકા થઈ રહી છે. મારી સાથે આવું કેમ થઈ રહ્યું હતું તે હું સમજી શકતો ન હતો. આ મારા માટે દુઃખદાયક હતું, કારણ કે મારું પ્રદર્શન એટલું ખરાબ નહોતું. રાહુલે એશિયા કપ ૨૦૨૩માં પાકિસ્તાન સામે શાનદાર સદી ફટકારી હતી. વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪ ઓકટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રમાવાની છે.

### અફઘાનિસ્તાનમાં ભૂકંપે ભારે તારાજી સર્જી

# અફઘાનિસ્તાનમાં ભૂકંપમાં જાનહાનીનો આંકડો ૪૦૦૦ને પાર પહોંચ્યો

### અફઘાનિસ્તાન ટીમનો સ્ટાર સ્પિનર રાશિદ ખાને જાહેર કર્યું કે તે વર્લ્ડ કપમાં મળેલી પોતાની આખી મેચ ફી દાન કરશે

કાબૂલ, તા.૧૦

અફઘાનિસ્તાનમાં શનિવારે આવેલ ભારે ભૂકંપના આંચકાથી તારાજી સર્જાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ માહિતી આપતાં જણાવ્યું કે, અડધા કલાકના ગાળામાં જ દેશમાં છ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જેમાં ૨૦૦૦ જેટલો મૃત્યુઆંક નોંધાયો હતો જે આંકડો વધીને ૪૦૦૦ સુધી પહોંચ્યો છે. યુએસજીએસમુજબ, ધરતીકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના સૌથી મોટા શહેર હેરાતથી ૪૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં હતું. યુએનએ તો સૌથી પહેલાં ૧૦૦ના મૃત્યુ થયા હોવાનું જણાવ્યું હતું. પરંતુ તે પછી ઘણાં વધુ મૃત્યુ થયા હોવાની માહિતી મળતા યુએનની ’કો-ઓર્ડીનેશન ઓફ હ્યુમેનિટેરિયન અર્ફેસની ઓફીસે’ તત્કાળ સહાય મોકલવા તૈયારી શરૂ કરી દીધી હતી. ઉપરાંત એવા પણ અહેવાલો છે કે ભૂકંપથી ઘણી બિલ્ડીંગ જમીનમાં ધ્વસ્ત થઇ હતી તો મોટા ભાગની ઈમારતોને ભારે નુકશાનીની થઇ હોવાનું સામે આવ્યું છે.

અહેવાલ અનુસાર ૬.૩ ની તીવ્રતાવાળા ભૂકંપ બાદ ક્રમશઃ ૫.૫, ૪.૭, ૬.૩, ૫.૯ અને ૪.૬ ની તીવ્રતાવાળા ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેના લીધે લોકો ફફડી ઊઠ્યા હતા અને નાસભાગ મચી ગઈ હતી. એક સ્થાનિકે કહ્યું કે નેટવર્ક કનેક્શન ઠપ થઇ ગયા છે. મૃતકાંક વધી શકે છે કેમ કે ગ્રામીણ અને પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટના બની હતી.

અફઘાનિસ્તાન ટીમનો સ્ટાર સ્પિનર રાશિદ ખાને જાહેર કર્યું કે તે વર્લ્ડ કપમાં મળેલી પોતાની આખી મેચ ફી દાન કરશે. તેણે અફઘાનિસ્તાનમાં ભૂકંપથી પ્રભાવિત પીડિતોની મદદ માટે પોતાના પૈસા દાનમાં આપ્યા હતા.

અફઘાનિસ્તાનનાં માહિતી અને સાંસ્કૃતિક મંત્રાલયના પ્રવકતા અબ્દુલ વાહીદ શયાને જણાવ્યું હતું કે, સૌથી પહેલા હેરાત વિભાગમાં ભૂકંપ થયો હોવાની માહિતી બહાર આવી તે પછી લગભગ તુર્ત જ જાણવા મળ્યું કે એ વિસ્તારનાં આશરે ૬ ગામો તો તદન તારાજ થઈ ગયા હતા. હજી પણ સેંકડો લોકો મલબા નીચે દબાયેલા હોવાની આશંકા પણ વ્યક્ત કરી હતી. આ સાથે પ્રવકતાએ લોકોને પણ સહાય માટે કામે લાગવા વિનંતિ કરી હતી.

### દિલ્હી વકફ બોર્ડમાં ગેરરીતિ અને અન્ય ગોટાળા સંદર્ભે કાર્યવાહી

# આપના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનના ઘરે ઈડીના દરોડા

### અમાનતુલ્લા ખાન પર દિલ્હી વકફ બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરતી વખતે નિયમોનું ઉલ્લંઘન કરીને ૩૨ લોકોની ભરતી કરવાનો આરોપ છે

નવી દિલ્હી, તા.૧૦

આમ આદમી પાર્ટી (આપ)ના નેતા સંજય સિંહની ધરપકડ બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હવે આપધારાસભ્ય અમાનતુલ્લા ખાનના ઘર પર દરોડા પાડ્યા છે. આજે ઈડીની ટીમ સવારે ધારાસભ્યના નિવાસસ્થાને પહોંચી હતી.

ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) એ પણ આપધારાસભ્ય અમાનતુલ્લા વિરુદ્ધ દિલ્હી વકફ બોર્ડની કામગીરીમાં નાણાકીય ગેરરીતિ અને અન્ય ગોટાળાને લઈ કેસ નોંધ્યો હતો. ઈડીએ આ કેસમાં અમાનતુલ્લા વિરુદ્ધ કાર્યવાહી કરી છે. અમાનતુલ્લા ખાન પર દિલ્હી વકફ બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરતી વખતે નિયમોનું ઉલ્લંઘન કરીને ૩૨ લોકોની ભરતી કરવાનો આરોપ છે. આરોપ એવો હતો કે, દિલ્હી વકફ બોર્ડ તરીકે આપધારાસભ્યએ ભ્રષ્ટાચાર અને પક્ષપાત કર્યો હતો. આ સિવાય દિલ્હી વકફ બોર્ડની ઘણી મિલકતો ગેરકાયદેસર રીતે ભાડે આપવામાં આવી હતી. તેમના પર દિલ્હી સરકારની અનુદાન સહિત બોર્ડ ફંડનો દુરુપયોગ કરવાનો પણ આરોપ હતો.

### ઈઝરાયેલ-હમાસ યુધ્ધ પર બ્રિટનના વડાપ્રધાનની ટિપ્પણી

# હમાસ માત્ર આતંકવાદી, ઉગ્રવાદી કે સ્વતંત્રતા સેનાની નથી : સુનક

લંડન, તા.૧૦

પેલેસ્ટાઈનના આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલનો વિનાશ વેર્યો છે. એવામાં ચાર દિવસથી ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ વચ્ચેના આ યુદ્ધના પડઘા વિશ્વભરમાં સંભળાય રહ્યા છે. આ પડઘા બે ભાગમાં વિખરાયેલા છે જેમાં એક ભાગ ઈઝરાયેલ સમર્થક છે તો બીજો હમાસને સમર્થન આપે છે. એવામાં બ્રિટનમાં પણ આ યુદ્ધથી બે ભાગ પડ્યા છે. જેમાં આ બે ભાગોમાં તણાવની સ્થિતિ સર્જાય હતી. આ ઘટના બ્રિટનની રાજધાની લંડનનું હાઈ સ્ટ્રીટ કેન્સિંગ્ટન ટ્યુબ સ્ટેશનમાં બની હતી.

આ ઘટનાને લઈને બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનાકે હમાસનું સમર્થન કરનારા લોકોને આતંકવાદી ગણાવ્યા હતા. સુનકે ટ્વીટ કર્યું કે, જે લોકો હમાસને સમર્થન આપે છે તેઓ આ હુમલા માટે સંપૂર્ણ જવાબદાર છે. તેઓ સ્વતંત્રતા સેનાની નહીં પરંતુ આતંકવાદી છે. તે જ સમયે, બ્રિટનના ગૃહ પ્રધાન સુએલા બ્રેવરમેને બ્રિટનની સડકો પર આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સનું આહ્વાન કર્યું હતું.

મીડિયા અહેવાલો અનુસાર, લંડનમાં વિવિધ સ્થળોએ પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના સમર્થનમાં પ્રદર્શન થઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ પ્રદર્શનો હિંસક બની રહ્યા છે. ગઈકાલે લંડનમાં ઈઝરાયેલી દૂતાવાસની બહાર મોટી સંખ્યામાં ભીડ એકઠી થઇ હતી. હજારો દેખાવકારો પેલેસ્ટાઈનના ઝંડા લઈને ઈઝરાયેલ વિરુદ્ધ ધાર્મિક સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. તો ત્યાં જ કેટલાક લોકોએ ઈઝરાયલ એમ્બેસી તરફ ફટાકડા ફોડવાનું શરૂ કર્યું. આ દરમિયાન ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી.

### મધ્ય રાત્રિ બાદ પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય

# આજથી આકાશમાં ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષાનો અદ્ભુત નજારો જોવા મળશે

### કલાકના ૫૦ થી ૧૦૦ વચ્ચે ઉલ્કા ખરતી જોવા મળશે



અમદાવાદ, તા. ૧૦

દુનિયાભરમાં આજથી ચાર દિવસ ઉપરાંત તા. ૨૨ મી ઓકટોબર સુધી આકાશમાં ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષાનો અદ્દભૂત નજારો જોવા મળશે. સ્વચ્છ આકાશમાં કલાકના ૫૦ થી ૧૦૦ વધુ ઉલ્કા પડતી જોવા મળશે. ઉલ્કા વર્ષાનો નજારો નિહાળવા રાજયના લોકોને ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૮ અને તા. ૯ વહેલી પરોઢે આકાશમાં ડ્રકોનીક્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળી હતી. ઉપરાંત આજથી તા. ૧૩ ની વહેલી પરોઢે ઉલ્કા પઢતી જોવા મળશે. કલાક દીઠ દર મધ્ય–ઉત્તરી અક્ષાશો (45N) પરથી જોવામાં આવતા ૪ ની નજીક અને ઉષ્ટકટિબંધીય દક્ષિણી સ્થાનો (25S) પરથી જોવા મળતા ૩ ની નજીક અને કલાક દીઠ દરો ૧૧ ની નજીક મધ્ય–ઉત્તરી અક્ષાંશ (45N) અને ૯ ઉષ્ણકટિબંધીય દક્ષિણી સ્થાનો (25S) પરથી દેખાય છે. ખગોળી ઘટના નિહાળવામાં ધીરજ રાખવી જરૂરી છે.

વધુમાં પંડયા જણાવે છે કે ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાની મહત્તમ મંગળવાર થી શુક્રવાર મધ્ય રાત્રિ બાદ અને વહેલી પરોઢે આકાશમાં જોવા મળશે નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છ. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે આકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

જાથાના જયંત પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્ય રાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી બે કે ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળ રસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દૂરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્ય પ્રકાશ દરમ્યાન પડકી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં ૫૦૦ થી વધુ પડી ઉલ્કાનો વરસાદ પડશે. જોનારા દિગ્મુઢ બની જશે. ઉલ્કા વર્ષાની દિશા નિશ્ચિત નથી. કુદરતી ઘટના હોય, સમય, દિવસનો સામાન્ય ફેરફાર જોવા મળે છે. અવકાશી ઘટનામાં ધીરજનો ગુણ અતિ જરૂરી છે. કયારેક નિરાશા પણ સાંપડે છે. જીંદગીમાં એકવાર ઉલ્કા ખતરી જોવી તે લ્હાવો છે. કાયમી સંભારણું બની જાય છે.

રાજયમાં ખગોળ પ્રેમીઓના સંપર્ક પછી અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, રાજપીપળા, ગોધરા, દાહોદ, પંચમહાલ, જુનાગઢ, ગિર સોમનાથ, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર દેવભૂમિ દ્વારકા, પોરબંદર સહિત તાલુકા મથકોએ ઉલ્કા વર્ષા નિહાળવા સંબંધી આયોજન કરવામાં આવ્યું છે. જાથાનો રાષ્ટ્રવ્યાપી પ્રયાસ બાળકો, જીજ્ઞાષુઓ, નાગરિકોને અવકાશ તરફ નજર કરતાં થાય તેનું અભિયાન ચાલી રહ્યું છે.

રાજયમાં ઉલ્કા વર્ષા સંબંધી વિશેષ જાણકારી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની છ મેચ બાદની સ્થિતિ

# સૌથી વધુ વિકેટ-રન બનાવનારામાં ન્યૂઝીલેન્ડના ખેલાડી ટોચ પર

### વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ટોપ ૧૦ બેટ્સમેનોમાં માત્ર બે ભારતીય બેટ્સમેનો જયારે બોલરોમાં ટોપ ૫માં માત્ર એક ભારતીય બોલર સામેલ

નવી દિલ્હી, તા.૧૦

અત્યાર સુધી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ૬ મેચો રમાઈ ચુકી છે અને સૌથી વધુ રન બનાવનાર અને સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડીઓમાં ન્યુઝીલેન્ડના ખેલાડીઓ ટોપ પર વિરાજમાન છે. ન્યુઝીલેન્ડની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં પણ ટોપ પર છે. જો ભારતીય ક્રિકેટ ટીમની વાત કરીએ તો ભારતીય બેટ્સમેન કે બોલર આ લિસ્ટમાં ટોપ ૪માં પણ નથી. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ટોપ ૧૦ બેટ્સમેનોની વાત કરીએ તો આ લિસ્ટમાં માત્ર બે ભારતીય બેટ્સમેનો સામેલ છે. જયારે બોલરોમાં ટોપ ૫માં માત્ર એક ભારતીય બોલર સામેલ છે.

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીની વાત કરીએ તો ન્યુઝીલેન્ડનો ઓપનર ડેવોન કોનવે ૧૮૪ રન સાથે ટોપ પર છે. જયારે તેનો સાથી ખેલાડી રચિન રવિન્દ્ર ૧૭૪ રન સાથે બીજા નંબરે છે. ત્રીજાથી લઈને પાંચમાં નંબર સુધી દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનો છે. રાસી વાન ડેર ડુસેન ૧૦૮ રન સાથે ત્રીજા, એડન માર્કરમ ૧૦૬ રન સાથે ચોથા જયારે ક્વિન્ટન ડી કોક ૧૦૦ રન સાથે પાંચમાં નંબરે છે. આ લિસ્ટમાં કે.એલ રાહુલ ૯૭ રન સાથે છટ્ઠા જયારે વિરાટ કોહલી ૮૫ રન સાથે આઠમાં નંબરે છે.

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી

ડેવોન કોનવે - ૧૮૪ રન
રચિન રવિન્દ્ર - ૧૭૪ રન
રાસી વાન ડેર ડુસેન - ૧૦૮ રન
એડન માર્કરમ - ૧૦૬ રન
ક્વિન્ટન ડી કોક - ૧૦૦ રન

રવિન્દ્ર જાડેજા પાંચમાં નંબરે

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ ઝડપવાના મામલે પણ ન્યુઝીલેન્ડના બોલર આગળ છે. મિચેલ સેન્ટનર ૭ વિકેટ સાથે પ્રથમ અને મેટ હેનરી ૬ વિકેટ સાથે બીજા નંબરે છે. ત્રીજા નંબરે નેધરલેન્ડ્સના બાસ ડી લીડે છે. તેણે ૫ વિકેટ લીધી છે. ચોથા નંબર પર બાંગ્લાદેશનો મેહદી હસન મિરાજ છે. તેણે ૩ વિકેટ લીધી છે. ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ૩ વિકેટ સાથે પાંચમા સ્થાને છે. તેના સિવાય ૬ વધુ બોલરોએ ૩-૩ વિકેટ લીધી છે.

વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનાર બોલર

મિચેલ સેન્ટનર - ૭ વિકેટ
મેટ હેનરી - ૬ વિકેટ
બાસ ડી લીડે - ૫ વિકેટ
મેહદી હસન મિરાજ - ૩ વિકેટ
રવિન્દ્ર જાડેજા - ૩ વિકેટ

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### કુલ ૧૬૦૦થી વધુનાં મોત થયા

# ઈઝરાયેલે કહ્યું વીણી વીણીને પતાવી દઈશું, ચારે તરફ વિનાશ

### હમાસના લડવૈયાઓએ ઇઝરાયેલ તરફ ૫,૦૦૦ થી વધુ રોકેટ છોડ્યા પછી હજારો લોકો માર્યા ગયા અને ઘણાને ઘાયલ કર્યા હતા

નવી દિલ્હી, તા.૧૦

મંગળવારે ગાઝામાં હમાસના બંદૂકધારીઓ અને ઈઝરાયેલી સૈનિકો વચ્ચે ભીષણ લડાઈઓ તીવ્ર થતાં મૃત્યુઆંક ૧૬૦૦ને વટાવી ગયો છે. હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલ તરફ ૫,૦૦૦ થી વધુ રોકેટ છોડ્યા પછી હજારો લોકો માર્યા ગયા અને ઘણાને ઘાયલ કર્યા હતા. ત્યાર પછી જેરુસલેમે ગાઝાને નાકાબંધી લાદીને સંપૂર્ણ રીતે બ્લોક કરી દેવાની જાહેરાત કરી છે.

આ દરમિયાન, હમાસના કાસમ બ્રિગેડ્સે ગાઝામાં નાગરિકો પરના દરેક ઈઝરાયલી હુમલા માટે એક ઈઝરાયેલી બંધકને ફાંસી આપવાની ધમકી આપી છે. શનિવારના રોજ થયેલા ઓચિંતા હુમલાએ ઈઝરાયલની સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓને સંપૂર્ણપણે ચોંકાવી દીધી હતી, કારણ કે હમાસના સેંકડો બંદૂકધારીઓ સરહદની વાડમાં છીંડા પાડીને ઘૂસી આવ્યા હતા. ગાઝા પટ્ટીમાં આરોગ્ય મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે હમાસના ખતરનાક હુમલા બાદ ઈઝરાયેલના જવાબી હુમલામાં ૬૮૦ થી વધુ લોકો માર્યા ગયા છે. મંત્રાલયે કહ્યું કે ૩,૭૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. શનિવારના હુમલા પછી ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર હુમલો કર્યો છે, સેંકડો લક્ષ્યો પર હુમલો કર્યો છે અને મોટાપાયે વિનાશ શરૂ કરી દીધો છે. ઈઝરાયેલ પર હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ હવે ઈઝરાયેલની સેના તેના ટાર્ગેટ પર ઝડપી હવાઈ હુમલા કરી રહી છે. આ શ્રેણીમાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે સોમવારે સાંજે આ ટાર્ગેટ પર હવાઈ હુમલાનો વીડિયો જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા ૧૪ સેકન્ડના ફૂટેજમાં રહેણાંક કોલોની પર એક પછી એક અનેક મિસાઈલ હુમલાઓ જોઈ શકાય છે. ગાઝા પટ્ટીમાં ઓછામાં ઓછા છ વિસ્ફોટો પછી, ઘેરા બદામી ધુમાડાના વાદળોએ સમગ્ર વિસ્તારને આવરી લીધો. આ વિડિયોમાં કેમેરો પછી એક સમયે ઘરો અને એપાર્ટમેન્ટ બ્લોક્સ હતા તેવા કોંક્રિટના ધુમાડાવાળા ગોળા બતાવવા માટે પેન અને ઝૂમ કરે છે.

એવું લાગે છે કે આ સમગ્ર વિસ્તાર સંપૂર્ણપણે સમતળ થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન ત્યાં કોઈ હિલચાલ થઈ રહી નથી. બીજી બાજુ, હમાસે સોમવારે કહ્યું કે તેણે ઈઝરાયેલના હવાઈ હુમલાના જવાબમાં ઈઝરાયેલના દક્ષિણી શહેરો અશ્દોદ અને અશ્કેલોન તરફ ૧૨૦ રોકેટ છોડ્યા. ઈઝરાયેલની કટોકટી સેવાઓ અનુસાર, ગાઝાની ઉત્તરે આવેલા અશ્કેલોનમાં ચાર લોકો ઘાયલ થયા હતા, જ્યારે અશ્દોદમાં એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી.

### શેરબજારમાં મંગળ રહ્યો મંગળવાર

# સેન્સેક્સમાં ૫૬૭ અને નિફ્ટીમાં ૧૭૮ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો


મુંબઈ, તા.૧૦

ગઈકાલના ઘટાડા બાદ આજે ભારતીય શેર બજારમાં તેજીનો પવન ફૂંકાયો હતો, આજે બજારમાં સારા એવા કારોબારો વચ્ચે ક્લોઝિંગ થયુ હતુ. આજે કારોબારી દિવસના અંતે બન્ને મુખ્ય સૂચકાંકો તેજીમાં રહ્યાં હતા, બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૮૭ના વધારા સાથે ૫૬૬.૯૭ પોઈન્ટ અપ રહીને ૬૬,૦૭૯.૩૬ પર બંધ રહ્યો હતો, તો વળી, સામે નિફ્ટી પણ ઉછાળા સાથે બંધ થયો હતો. એનએસઈ સૂચકાંક નિફ્ટી દિવસના કારોબારના અંતે ૦.૯૧ ટકાના વધારા સાથે ૧૭૭.૫૦ ઉચકાયો અને ૧૯,૬૮૯.૮૫ના સ્તરે બંધ રહ્યો હતો.

ગઈકાલે એટલે કે સોમવારે ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધે ભારતીય શેરબજારમાં હલચલ મચાવી દીધી હતી અને સપ્તાહના પ્રથમ દિવસે બજાર ભારે ઘટાડા સાથે ખુલ્યુ અને બંધ થયુ હતુ. જોકે, આજે એટલે કે મંગળવારે ભારતીય શેરબજાર સ્થિર છે અને સેન્સેક્સ-નિફ્ટી ઉછાળા સાથે કારોબાર કરી રહ્યા હતાં.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે સોમવાર ૯ ઑક્ટોબરે તીવ્ર ઘટાડાનો સામનો કર્યા પછી, મંગળવારે ૧૦ ઑક્ટોબરે બજાર તેની ભવ્યતામાં પાછું આવ્યું. ઉત્તમ વૈશ્વિક સંકેતો અને રોકાણકારો દ્વારા ખરીદીને કારણે, બજારમાં ભારે ઉછાળો જોવા મળ્યો. બેંકિંગ અને મિડ-કેપ શેરોએ આ વધારો કર્યો છે. સેન્સેક્સ ફરી ૬૬,૦૦૦ને પાર કરવામાં સફળ રહ્યો છે. આજે બજાર બંધ સમયે મ્જીઈ સેન્સેક્સ ૫૬૭ પોઈન્ટના ઉછાળા સાથે ૬૬૦૭૯ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૮૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૬૯૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં બેંકિંગ શેરોમાં જોરદાર ખરીદીને કારણે નિફ્ટી બેંક અને નિફ્ટી પીએસયુ બેંકના શેરોમાં અદભૂત ઉછાળો જોવા મળ્યો છે. આ સિવાય આઈટી, ઓટો, એફએમસીજી, મેટલ્સ, રિયલ એસ્ટેટ, મીડિયા, એનર્જી, ઓઈલ એન્ડ ગેસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરમાં જોરદાર ખરીદી જોવા મળી છે. જ્યારે ફાર્મા અને હેલ્થકેર શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં ખરીદીને કારણે બંને શેરોના સૂચકાંકોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો.

હેપ્પી બર્થ-ડે...
અભિયાન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ એડવોકેટ સંજય કાતરીયા, મીનાક્ષીબેન કાતરીયાના લાડલા ''ક્રિષ્ના''નો આજે જન્મદિવસ છે.
દાદા : રામજીભાઈ કાતરીયા
દાદી : શાંતાબેન કાતરીયા તેમજ
આયુષ, નિર્ભય, વંશીકા, વેદાંત તથા સમગ્ર કાતરીયા પરિવારનાં જય ભીમ...
:: અમરેલી ::

ક્રિષ્ના કાતરીયા

## જાહેર સુચના

જા.નં./૫.શ.મ./૧૦/૨૦૨૩–૨૪ તારીખ : ૧૦/૧૦/૨૦૨૩

શ્રી પરશુરામ શરાફી સહકારી મંડળી લી. અમરેલીનું હાલ કાર્યક્ષેત્ર અમરેલી તાલુકા પુરતું છે. જેમાં વધારો કરી અમરેલી જિલ્લાનું કરવા માટે જિલ્લા રજીસ્ટ્રારશ્રી–સહકારી મંડળીઓ–અમરેલીને દરખાસ્ત કરવાની છે. આ સુધારા અન્વયે આવાજ પ્રકારના હેતુવાળી અને કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી સંસ્થાઓને કોઈ વાંધો હોય તો આ સંસ્થાને લેખિતમાં દિવસ–૧૦માં રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

<u>વાંધા રજુ કરવાનું સ્થળ અને સરનામું</u>

**શ્રી પરશુરામ શરાફી સહકારી મંડળી લી. અમરેલી.**
૧, સુખનાથપરા, લીલીયા રોડ, હીરામોતી ચોક પાસે, અમરેલી.

# પીવાનાં પાણી માટેનો ઐતિહાસિક સત્યાગ્રહ ભારતમાં જાતિવાદનું ઝેર અને પીવાનું પાણી

પીવાના પાણી માટેનો ઐતિહાસિક સત્યાગ્રહ ભારતમાં જાતિવાદનું ઝેર અને પીવાનું પાણી*

દુનિયાના કોઈપણ ભાગ પર માણસ – માણસ વચ્ચેના જાતિ અને જ્ઞાતિના ભેદભાવના કારણે કોઈ અમુક ચોક્કસ બહિષ્કૃત વર્ગને પીવાનું પાણી ન મળે એવું તમે કયાંય જોયું છે ? ભારતમાં આજે પણ આવું તરકટ ધર્મ અને પરંપરાના નામે ચાલે છે. દરેક મનુષ્યની જરૂરિયાતએ પીવાનું પાણી છે જે આમ જોઈએ તો કુદરતી દેણ છે જેમાં કોઈ પોતાનો અધિકાર જમાવી ન શકે અને પાણી તો દરેક વ્યક્તિનું મૂળભૂત જરૂરિયાત છે, પાણી વગર પૃથ્વીના તમામ જીવ – જંતુનું અસ્તિત્વ ખતરામાં મુકાય જાય. પરંતુ ભારતમાં ધર્મના નામે ચાલતા પાખંડમાં જાતિ અને જ્ઞાતિનું ઝેર પાણીને પણ છોડતું નથી. અનુસૂચિત જાતિના દબાયેલા અને કચડાયેલા ડિપ્રેસ્ડ કલાસીસના સમુદાયને પાણી મેળવવામાં આ વિશ્વગુરૂ બનવાની ડંફાસો મારતા દેશમાં આભડછેટના લીધે દેશના ૨૨ કરોડ અછૂત લોકો કેવી પારાવાર તકલીફો પડતી હતી અને હાલ પણ પડે છે તે બાબત પર એક નજર કરવા જેવી છે જે મોટાભાગના લોકો માટે અદ્રશ્ય ભારત સમાન છે.

આ દેશમાં અછૂતોએ સદીઓથી પાણી માટે મોટા સંઘર્ષ અને બહિષ્કાર, હીજરત સહીતની યાતનાઓ તેમજ હાડમારીનો સામનો કરવા પડયો છે. આ બાબતે અનેક સબળ ઐતિહાસિક પુરાવા આપણે ઈતિહાસમાંથી વાંચી શકીએ છીએ. સામાજિક ક્રાંતિના મહાનાયક ડો.બાબાસાહેબ આંબેડકરનો મહાડના ચવદાર તળાવના પીવાના પાણીનો સંઘર્ષએ એક ઐતિહાસિક સંઘર્ષ હતો. અછુતોને મહાડના ચવદાર તળાવમાં પાણીનો હક મેળવવા માટે સનાતાનીઓએ અનેક ઘણી અડચણો ઊભી કરેલી તેની શતાબ્દિ પૂર્ણ થવાને આરે છે. ત્યારે આજે આટલા વર્ષો બાદ પણ ભારતમાં અછુતોને પીવાના પાણી માટે સંઘર્ષ કરવો પડે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૧૯૮૨ની આસપાસ સુરેન્દ્રનગર જીલ્લાનાં મુળી તાલુકાના રણમલપુર ગામે પીવાના પાણી માટે મોટો હત્યાકાંડ થયેલો જેમાં બે અછુતોએ જાન ગુમાવવા પડેલા, વર્ષ ૧૯૯૨ના માર્ચ મહિનામાં અમદાવાદના ૪૨ ગામના અછુતોએ સામૂહિક રીતે રેલી કાઢી પીવાના પાણીની થતી અસમાન વહેંચણીનો પ્રશ્ન, અને ગંદા પાણીનો પ્રશ્ન ઉભો કરેલો, રેલીમાં કેટલીક બહેનો તો અછુતોને મળતું ગંદુ પાણી બોટલોમા સાથે લઈ આવી હતી અને મામલતદારને આવેદનપત્ર આપી ગંદા પાણીની બોટલો આપી કહેલું કે જો આપ આ પાણી પી શકતા હો તો અમારી આપ સમક્ષ કોઈ જ ફરિયાદ નથી, ત્યાર બાદ હમણાં વર્ષ ૨૦૧૨માં અમદાવાદના કલેકટર રૂપવતસિંઘને અમદાવાદ જિલ્લાની આજુબાજુના ૨૦ ગામના ૧૨૦૦ જેટલા અછૂત પરિવારોને નાત જાતના ભેદના કારણે પીવાનું પાણી મળી શકતું નથી એવું આવેદનપત્ર આપ્યું હતુ અમદાવાદ જિલ્લામાં ઘણા બધા ગામોમાં બોલતા પુરાવા જેવી હકીકતો સામાજિક નિસબત ધરાવતા નાગરિકો સમાજ સમક્ષ લાવેલા તેની કેટલીક હકીકતો આપ સમક્ષ મુકું છું.

૧૧૦૦ ની વસ્તી ધરાવતા ઘોડી ગામમાં અછૂતોની ૧૩૫ ઘરની વસ્તી છે તેમના માટે પીવાના પાણીની લાઈન ૨૦ વર્ષ જૂની છે અને ચારથી પાંચ દિવસે પાણી આવે છે અને તે પણ અપૂરતું જેના કારણે અછૂતોને પાણી મળતું નથી. માહોલ્લાથી થોડેક દુર અવાવરૂં જગ્યાએ પાણીનું ખલ્લું કનેકશન છે જયાં પાણી વહી જાય છે.૧૨૫ની વસ્તી ધરાવતા અરણેજ ગામમાં અછૂત બહેનો એક કિલોમીટર દૂરથી પીવા લાયક ન હોય તેવું પાણી લાવે છે.૮૦૦ ની વસ્તી ધરાવતા જવારજમાં જ્ઞાતિ પ્રમાણે અલગ અલગ કુવા છે, ત્રણ વર્ષ પૂર્વે અછૂતોને પાણી પૂરૂં પાડવા માટે અલગ સમ્પ બનાવવામાં આવેલ પણ ત્યાં પાણી આવતું નથી. ભુરખી ગામે પણ પાણીની પાઈપ લાઈનમાંથી પાણી મળતું નથી એટલે જ્ઞાતિવાર અલગ કૂવેથી પાણી ભરાય છે પાણીનું કનેકશન ધરાવતા લોકોમાં અછૂતોને છેલ્લે અને ઓછું પાણી મળે છે. અન્ય એક ગામમાં ગામે અછૂતો ૨૦ રૂપિયા ખર્ચીને પાણી લાવે છે. બાવળાના ધનવાડામાં જ્ઞાતિ પ્રમાણે પાણી છોડવાનો સમય જાહેરમાં લખીને મુક્યો છે જેમાં દલિતો માટે પાણી છોડવાનો સમય છેલ્લે લખેલ છે. દહેગામડામાં પાઈપલાઈન હોવા છતાં અછૂતોના ફળિયામાં કનેકશન આપવામાં આવતું નથી આ અંગે સરપંચ કહે છે કે તેનાથી કીચડ થશે. બગોદરામાં અછૂતોની સમુદાયને વહેલી સવારે ૪ થી ૫ વાગે પાણી આપવામાં આવે છે તેથી તકલીફ પડે છે. વિરમગામના છાશિયાણા ગામમાં ૧૩૫ અછૂત પરિવાર નજીકના સમ્પમાંથી ગંદુ પાણી મેળવીને પીવે છે, અછૂતોનો અલગ કૂવો છે પણ પાણીનું સ્તર ખૂબ ઉંડુ હોવાના કારણે પાણી મળી શકતું નથી. સાણંદના લોહરીયાડામાં અછૂતો પટેલોના નળથી પાણી મેળવે છે આમ ઉડીને આંખે વળગે એવી બોલતા પુરાવા જેવી હકીકતો સામે આવેલી છે. હમણાં તાજેતરમાં ખેડાના માલાવાડમાં પાણીના પ્રશ્ન લઈને અછૂતો પર ગંભીર હુમલો થયેલો જેમાં સમગ્ર અછૂત સમાજમાં ગામના લોકોએ આતંક મચાવેલો અને મકાનોમાં તોડફોડ તેમજ મારામારી કરેલી, આટલેથી તેમનું મન ન ભરતા અછૂતોના કૂવાને ગંદો કરવામાં આવેલ. જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ખારવા ગામે અછૂત બાંધવોએ પીવાના પાણી માટે આવેદન આપી સરકારી તંત્રને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો અહીં પણ માત્ર અછૂત સમાજને પાણી મળતું નથી તેવો પ્રશ્ન સાથી મિત્ર જયસુખભાઈ ખારવા જેઓ મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેઓએ ઉભો કર્યો હતો આ ગામ હાલના ભાજપનાં ભૂતપૂર્વ ધારાસભ્યનું ગામ છે જેઓનું નામ મેઘજી ચાવડા છે. હમણાં ગયા વર્ષે જ સાથી મિત્ર મહેશભાઈ તુરીએ મહેસાણા જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરેલ કે મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના કુડોલ ગામે અને મંડાલી ગામે પણ અછૂતોને પાણી આપવામાં ભેદભાવ થાય છે, અછૂત ફળિયામાં પીવાના પાણીની લાઈન પણ નાની રાખવામાં આવી છે અને પુરતા પ્રમાણમાં પાણી પણ આપવામાં આવતું નથી.

મોરબીના આંબેડકર નગરમાં અછુતોને પૂરતું પાણી મળતું નથીની ફરિયાદો વારંવાર પ્રસાસનને આપવામાં આવી છે.૨૦૧૪માં મહેસાણા જિલ્લાના કડી તાલુકાના લુણાસણ ગામે પાણી ભરવા જતી બે અછૂત બહેનોએ અત્યાચારનો ભોગ બનવું પડેલું જેથી બહેનોએ ફરિયાદ કરી હતી. મહેમદાવાદના જાળિયામાં ૨૦૧૨માં ખુદ સરપંચે કુવામાંથી અછુતોને પાણી ભરવાની મનાઈ ફરમાવી હતી. જે તે સમયના મહેસાણા જિલ્લાના અને હાલના ગાંધીનગર જિલ્લાના કલોલ નગરપાલિકામાં પાણીની ફરિયાદ કરવા ગયેલા અછૂત ભાઈને જાતિ વિરૂદ્ધ અપમાન કરીને તેમની ઉપર હુમલો પણ કરવામાં આવેલો જેમાં ૧૭ લોકો આરોપી બન્યા હતા, તો આવી જ રીતે બનાસકાંઠાના ધાનેરામાં પણ પાણીની ફરિયાદ કરવા ગયેલા અછૂત ભાઈને જાતિગત અપમાનિત કરી કાઢી મુકાયેલા.

મહારાષ્ટ્રના બીડ જિલ્લાના સોના ખાટે ગામે અને જાલનાના ભુતેગાવમા ડંકીથી પાણી ભરવાનો પ્રયાસ કરનાર દૂધમલ અછૂત યુવાનોની હત્યા થઈ હતી. સુશીલ કુમાર સિંદે જેવા ભૂતપૂર્વ અછૂત મુખ્યમંત્રીના શાસનકાળના પ્રથમ છ માસમાં મરાઠાવાડા વિસ્તારમાં અછુતો પર અત્યાચારના ૪૬ બનાવોબનવા પામેલા હતા જેમાં ૧૯ પાણીના પ્રશ્નને લગતા હતા. અરે મહાડ સત્યાગ્રહના સ્થળે ૨૦૦૩માં પાણીના હક સંબંધી અછુતોની અત્યાચાર વિરોધી પાણી હક સંબંધી પરિષદ યોજાઈ હતી. આ સઘળી હકીકતો દર્શાવે છે કે અછુતો માટે પાણી બહુ મોટી સમસ્યા છે. ગ્રામણી ગુજરાતની ૭૦ ટકા ઉપરાંતની અછૂત વસ્તી પીવાના પાણીના સહિયારા સ્ત્રોતમાંથી પાણી મેળવી શકતી નથી, તેમને ગામના સવર્ણો લોકોની મરજીથી રેડામણા પાણીનો આધાર રાખવો પડતો હોય છે. (રેડામણુ પાણી એટલે કે અછૂતોના ઘડામા પોતાની મરજીથી ઉપરથી પાણી રેડવું). ગ્રામણી ગુજરાતમાં આભડછેટ આચરણ અંગેના સમાજ વિજ્ઞાનીઓ આઈ.પી. દેસાઈ અને ઘનશ્યામ શાહના અભ્યાસક્રમમાં અછુતોને પાણીના પ્રશ્ને ભોગવવી પડતી સ્થિતિનું ભયાનક ચિત્ર જોવા મળે છે.આઈ.પી.દેસાઈના અભ્યાસ સર્વેક્ષણ હેઠળના ૬૯ ગામો પૈકી ૪૪ ગામોમાં અછુતો માટે અલાયદા પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

રોબર્ટ કેનેડી સેન્ટર ફોર જસ્ટિસ એન્ડ હ્યુમન રાઈટસ અને નવસર્જન દ્વારા ૨૦૧૦માં ગુજરાતના ૫૬ તાલુકાના ૧,૫૮૯ ગામમાં આભડછેટ અંગેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાં બિન અછૂતોના વિસ્તારોમાં પાણીના નળ પર અછુતો સાથે ૭૧.૪ ટકા અને ગામના કુવેથી ૬૬.૩ ટકા આભડછેટ પડાતીહોવાનું જણાઈ આવ્યું હતું. હિન્દુ ધર્મ દ્વારા ઉભી કરાયેલી અદભુત જાતિ વ્યવસ્થામાં ગુજરાતમાં પંચાયતોમાં પાણીની બાબતોમાં અછૂત સભ્યો સાથે ૬૨.૭ ટકા આભડછેટ પાડવામાં આવે છે.જાહેર પાણીની પરબો પર ૪૨.૯ %, સ્કૂલોમાં ૪૨ ટકા પીવાના પાણી માટે અછુતો સાથે ભેદભાવ રાખવામાં આવે છે. આપણા સમાજમાં પીવાનું પાણી અને ઘર વપરાશનું પાણી લાવવાનું કામ સ્ત્રીઓના માથે મારવામાં આવ્યું છે. સ્ત્રી હોવું અને તેમાંય અછૂત સ્ત્રી હોવું એ વારી વિપદા વધારનારૂ પરિબળ છે.પાણી માટે કયારેક દર બદરની ઠોકરો ખાવી, અપમાનો સહન કરવા અને કયારેક તો જાતીય શોષણનો ભોગ પણ સ્ત્રીઓ એ બનવું પડે છે.

સ્ત્રીઓ સમગ્ર કુટુંબ માટે પાણી મેળવવા તનતોડ મહેનત કરતી હોવા છતાં કયારેક પાણીનો ન્યાયપૂર્ણ હિસ્સો સ્ત્રીઓના ભાગે આવતો નથી અને તેના કારણે સ્ત્રીઓના આરોગ્ય વિષયક પ્રશ્નો ઊભા થાય છે.ગુજરાતમાં પાણી મેળવવા માટે વર્ષે ૩૩૦ લાખ માનવદિન ગુમાવવા પડે છે માટે તે અછૂત સ્ત્રીઓ માટે આ ભેદભાવના કારણે વધુ આકરૂ બને છે જે દેશમાં વિદેશી કંપનીઓ વર્ષે ૮૫ કરોડ રૂપિયાના પાણીનો વેપલો કરતી હોય તે દેશમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ પંચના ૧૯૯૭/૯૮ વર્ષના અહેવાલ મુજબ અછૂત વિસ્તારમાંર૨.૪૬ ટકા જેટલી અછૂત વસ્તી સુધી હજુ પીવાનું પાણી પહોંચી શકયું નથી. આ સઘળી હકીકતો દર્શાવે છે કે આજે પણ અછુતો માટે પીવાનું પાણી હજુ પણ જોજન દૂર છે.

– : સંકલન :–
પરમાર કાંતિલાલ યુ.
સમાજિક કાર્યકર્તા,
અમદાવાદ–ગુજરાત

# અમરેલી ખાતે લેઉવા પટેલ ટ્રસ્ટ દ્વારા આજીવન નોંધણી અંતર્ગત બેઠક યોજાઈ






અમરેલી ચકકરગઢ રોડ વિસ્તારની લેઉવા પટેલ આજીવન સભ્ય નોંધાણીની મીટીંગનું ઉમળ કાભેર આયોજન નીંલકઠ સોસાયટીના સાર્વજનિક પ્લોટમાં થયું આ મીટીંગમાં પ્રમુખ દીનેશભાઈ ભુવા, મંત્રી જે.ડી.સાવલિયા ખજાનચી ઘનશ્યામભાઈ સોરઠીયા, ધીસભાઈ અકબરી, ભીખાભાઈ કાબરીયા, હિરેનભાઈ હીરપરા, દિવ્યેશભાઈ વેકરીયા, વલ્લભભાઈ રામાણી, ખોડલધામ કન્વીનર મુકેશભાઈ પટેલ ગોરધનભાઈ માંદલીયા, નિલેશભાઈ દેસાઈ, ખાસ ઉપસ્થિત રહેલા આ સભ્ય નોંધણીની કામગીરી 'લેઉવા પટેલ શિક્ષક ટીમ દ્વારા કરવામાં આવેલી આ તકે અમરેલી શહેરનાં વિવિધ ૧૪ વિસ્તારોમાંથી લેઉવા પટેલ વિસ્તાર કન્વિીનરને નિમણુંક આપવામાં આવેલી તેમ ચકકરગઢ રોડ વિસ્તારની જુદી જુદી સોસાયટી તેમજ વાડી વિસ્તાર (કાનાણી) વગેરેમાંથી સહ કન્વીનરની નિમણુંક કરવામાં આવી હતી. ત્યારે અરજણભાઈ કોરાટ, સંજયભાઈ રામાણી, અનુરૂધ્ધભાઈ કોટડીયા, જગદીશભાઈ તળાવીયા, મનુભાઈ તળાવીયા, મુકુંદભાઈ સેંજલીયા, લાલાભાઈ ડાંગાવદર, જયસુખભાઈ સોરઠીયા, ભરતભાઈ વાટલીયા, તેમજ અનેક લેઉવા પટેલ સમાજનાં યુવાનો અને વડીલભાઈઓ તેમજ બહેનો હાજર રહેલા આ તકે મા ખોડલની આરતી કરી, આ વિસ્તારના બાળકો દ્વારા વિવિધ કૃતિ રજુ કરવામાં આવેલી જેને ઘનશ્યામભાઈ સોરઠીયા દ્વારા પ્રોત્સાહીત કરવામાં આવેલા કાર્યક્રમમાં નસ્તો ભીખુભાઈ કાબરીયા દ્વારા કરવામાં આવેલો સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ સંજયભાઈ રામાણી દ્વારા કરવામાં આવેલું મહેમાનોનું સન્માન અરજણભાઈ કોરાટ તેમજ ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવેલું. તેવું લેઉવા પટેલ સમાજની યાદીમાં જણાવામાં આવેલ છે.

## ગોપાલગ્રામ ખાતે સંગઠનાત્મક ચર્ચા કરતા ધારાસભ્ય જે.વી. કાકડીયા




ધારી, તા. ૧૦

ધારી તાલુકાના ગોપાલ ગ્રામ ખાતે પદાધિકારી અને કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી, સંગઠનાત્મક ચર્ચા કરતા લોકપ્રિય ધારાસભ્ય જે.વી. કાકડીયાએ કરી હતી.

આ તકે મેરામભાઈ વાળા,સરપંચ હરેશભાઈ વાળા, રાજુભાઈ ઠુમર, નરેશભાઈ ભટ્ટ, કીર્તિભાઈ ભટ્ટ, દેવરાજભાઈ વાઘેલા, ભઈલુભાઈ વાળા, મનસુખભાઈ કાથરોટિયા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાલાની વાવના યુગરાજનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાના બાલાનીવાવના રહેવાસી અને પત્રકાર એકતા પરિષદના અમરેલી જિલ્લા ઉપપ્રમુખ અને લોકાર્પણ દૈનિક ન્યૂઝના અમરેલી જિલ્લાના નિવાસી તંત્રી તરીકે સેવા આપતા ખુબજ નિસ્વાર્થ સેવાભાવી તરીકે જાણીતા એવા પત્રકાર પ્રતાપભાઈ વરૂના લાડકવાયા પુત્ર યુગરાજનો આજે જન્મદિવસ.

### પી.એચ.ડી. અંતર્ગત

## બગસરાની કુ. હેતલ પરમાર 'મનુભાઈ પંચોલી' 'દર્શક'ની નવલકથા પર સંશોધન કરશે



બગસરા તા. ૧૦

લીલીયા તાલુકાના સનાળિયા ગામના વતની અને બગસરા મેઘાણી હાઈસ્કૂલના શિક્ષક સ્નેહી પરમાર (કવિરાજ)ની પુત્રી હેતલ પરમારે ખૂબ જ મહત્વની એવી PET (પીએચ.ડી એન્ટ્રન્સ ટેસ્ટ) પાસ કરીને હાલમાં ખૂબ જ નામાંકિત એવી લોકભારતી યુનિવર્સીટી – સણોસરા ખાતે પીએચ.ડીનો અભ્યાસ શરૂ કરેલ છે.

ઈંગ્લીશ મીડીયમમાં બી.એ./ એમ.એ.પૂર્ણ કરીને તેઓએ પીએચ.ડીમાં એડમિશન મેળવેલ છે. તેઓ 'મનુભાઈ પંચોલી–દર્શક'ની નવલકથાઓ ઉપર સંશોધન હાથ ધરશે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં જંગલ કટિંગ**

પ્રમુખને પત્ર પાઠવીને જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકનાં રોડ આવેલ છે જે હાલ ચોમાસું પૂર્ણ થવાના આરે છે અને રોડની બન્ને સાઈડમાં બાવળ અને અન્ય વૃક્ષો ખૂબ જ વધી ગયેલ છે. જેના કારણે અકસ્માત થાય છે અને જેમાં ઘણા લોકોને ગંભીર ઈજાઓ થાય છે અને મૃત્યુ પણ પામે છે. જેથી અમરેલી જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકનાં તમામ રોડોની સાઈડનું જંગલ કટિંગ તાત્કાલિક કરવા જણાવેલ છે.

તદુઉપરાંત અમરેલી તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ મનિષ ભંડેરીએ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવીને જણાવેલ છે કે, અમરેલી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારના રોડની બન્ને સાઈડ ગાંડા બાવળનું સામ્રાજય જામી ગયું છે. રોડ ઉપરથી પસાર થતાં મુસાફરો તથા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગાંડા બાવળ રોડ ઉપર આવી ગયેલ હોવાથી અવાર–નવાર અકસ્માતો થાય છે અને લોકોને ચાલવામાં પણ પારાવાર મુશ્કેલી પડે છે. અમરેલી જિલ્લા પંચાયતમાં જંગલ કટિંગ માટેના વાર્ષિક ભાવો હોય છે અને જે એજન્સીને જિલ્લા પંચાયત ધ્વારા વાર્ષિક ભાવમાં કોન્ટ્રાકટ આપવામાં આવે છે તે એજન્સી ધ્વારા કામ કર્યા વગર બારોબાર બિલ બનાવીને પાસ કરાવી લેવામાં આવે છે અને તે કામના રૂપિયા લઈ લેવામાં આવે છે. આમ લોકોના પૈસાનો ખોટો વેડફાટ થઈ રહ્યો છે. તો તત્કાલ કાર્યવાહી કરીને અમરેલી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રોડની બન્ને સાઈડમાં ગાંડા બાવળ દૂર કરવા માટે અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરમાં ૧૩ વર્ષિય કિશોરે**

રવજીભાઈ મકવાણાનો ૧૩ વર્ષિય દીકરો નિલેશ દામનગરની પ્રાથમિક શાળા નંબર ૧ (ગ્રીન શાળા)માં ધો. ૭માં અભ્યાસ કરતો હત. તે ભણવામાં ધ્યાન આપતો ન હતો અને રખડયા કરતો હોય તેમજ તોફાન કરતો હોય. તેથી તેના પિતા રમેશભાઈએ ઠપકો આપતા તે સારૂ નહિ લાગતા અને મનમાં લાગી આવતા ગત રોજ તા. ૯/૧૦/૨૩ને સોમવારે સાંજના પોતાના ઘરે સાંજના પોણા છ વાગ્યાની આસપાસ ન્હાવાના ટુવાલથી ગળ ફાંસો ખાઈ લેતા મૃત્યુ નિપજતા દામનગર પોલીસે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી ધોરણસરની કાર્યવાહી કરી. આ બનાવની તપાસ હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ ચલાવી રહ્યા છે. દામનગર શહેરમાં બનેલ આ બનાવથી લોકો સ્તબ્ધ થઈ ગયા છે અને વાલીઓની આંખ ઉઘાડતો કિસ્સો બનતા આવી બાબતોમાં વિચારવાનો સમય આવી ગયો છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા પોલીસની જીપ સાથે**

જીપ ફોરવ્હીલ ગાડીમાં બે વ્યકિત એક છોકરીનું અપહરણ કરી ભાગેલ છે અને ગઢડાથી બાબરા તરફ આવે છે. જેથી તેઓ કરીયાણા ગામેથી કીડી જવાના રસ્તે આશરે એકાદ કી.મી. આગળ જતા રાત્રીના ૧ વાગ્યે સામેથી એક ફોરવ્હીલ કાર પુરઝડપે આવતી હોય અને સદરહુ રસ્તો સીંગલ પટ્ટી રોડ હોય જેથી આ ફોરવ્હીલના ડ્રાઈવરે તેમની ફોરવ્હીલ પોલીસની સરકારી બોલેરો સાથે ભટકાવી દીધેલ અને તેઓએ પોતાના હવાલાવાળી ફોરવ્હીલ ઉપરના સ્ટીરીંગ ઉપરથી કાબુ ગુમાવી બેસતા તે ફોરવ્હીલ રોડની ડાબી બાજુ ખાળીયામાં ઉતારી દીધેલ હતી. તે ગાડી પાસે પોલીસ જતા ગાડીમાં બેસેલ એક ઈસમ ગાડીનો દરવાજો ખોલી અંધારાનો લાભ લઈ નાસી ગયેલ અને સદરહુ ગાડીમાં ડ્રાઈવર તથા પાછળ ની સીટમાં એક મહિલા ઈસમ બેઠેલ હોય તેમને ગાડીની બહાર ઉતારેલ અને સદરહુ એક સ્માત કરનાર ફોરવ્હીલ કાર જોતા સફેદ કલરની જીપ કંપાસ હોય, જેના આર.ટી.ઓ રજી નંબર જીજે–૦૩ કેએચ ૩૭૮૬ હોય અને ગાડીના ચાલકનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ જયરાજ ઉર્ફે જંડુ સામતભાઈ જેબલીયા રહે. બોટાદ હોવાનું જણાવેલ તેમજ મહિલાનું નામ પુછતા પોતે પોતાનું નામ આશાબેન ગેલાભાઈ ભુવા (ઉ.વ. ૨૦) રહે. નાની વાવડી (તા. રાણપુર જી.બોટાદ)નું હોવાનું જણાવેલ અને તેઓની સાથે ગાડીમાંથી નાસી ગયેલ ઈસમના નામ બાબતે પુછતા લાલો ઉર્ફે પપ્પુ વલકુભાઈ બોરીચા (રહે. બોટાદ) હોવાનું જણાવેલ અને તેઓ આ મહિલા ઈસમને બોટાદ મુકામેથી ભગાડી લાવેલ હોવાની હકિકત જણાવેલ હોય અને સદરહું અકસ્માત કરનાર જીપ કંપાસ ગાડીના માલીક બાબતે પુછતા પોતાના મિત્ર ઈકબાલભાઈ કથેરી રહે. જસદણની હોવાનું જણાવેલ અને અકસ્માતમાં સરકારી બોલેરો વાહનમાં આગળની ડાબી બાજુની હેડ લાઈટ તુટી ગયેલ તેમજ ટાયર ઉપરનો પંખો તુટીને વળી ગયેલ તેમજ આગળનું લોખંડનું બમ્પર વળી ગયેલ હોય તેમજ ડાબી બાજુના આગળના ટાયરનો ગુટકો વિગેરે તુટી નુકશાન થયેલ છે. આ બનાવમાં આરોપી જયરાજ ઉર્ફે જંડુ સામતભાઈ જેબલીયા સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **પ્રતાપપરા, સાંગાડેરી, નાના આંકડીયા સહિતનાં**

કરવામાં આવેલી માટીને 'અમૃત કળશ'માં ભરવામાં આવી હતી. ગ્રામ પંચાયતોમાંથી એકઠી કરવામાં આવેલી માટી તાલુકા સ્તર પર અને ત્યાંથી રાજય સ્તરે થઈ અને રાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં આવશે. રાજધાની દિલ્હીમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ફરજ પરના શહીદોની યાદમાં 'અમૃત વન' તૈયાર કરવામાં આવશે, જેમાં આ માટી દ્વારા છોડ રોપવામાં આવશે. 'અમૃત કળશ' યાત્રા કાર્યક્રમમાં ગ્રામ પાંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો સહિત સૌ ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **હંસાબેન ગોવિંદભાઈ ચૌહાણ** રહે. જંગરવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી
રે. સર્વે.નં. ૧૨
સીટી સર્વે નં. ૨૮૦૪/ભાગ નં. ૧/ પ્લોટ નં. ૧૪/૧
બીનખેતી સબ પ્લોટ નં. ૧૪/૧ — જેના ચો.મી. ૫૯–૫૩
રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૫૨૯૩/૨૦૨૩ — રજી. તારીખ : ૦૯/૧૦/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ લાલજીભાઈ પ્રેમજીભાઈ માંડલીયા પાસેથી રજીસ્ટ્રર બાનાખતથી વેચાણ રાખેલ છે. આ કામે અમારી પાસેથી જે મિલ્કતનો ટાઈટલ લીયર રિપોર્ટ માંગેલ છે તે મિલ્કતની ટાઈટલ ચેઈનમાં રજી. દસ્તાવેજ નં. ૧૧૫૫/૧૯૮૪ તા. ૨૧/૦૬/૧૯૮૪ નો સમાવેશ થાય છે. જે દસ્તાવેજમાં લખાવી લેનાર તરીકે વિનાબેન બાબુલા ઠકકર તથા દસ્તાવેજ લખી આપનાર તરીકે દિવાળીબેન શંભુભાઈ પટેલનાં કુલમુખત્યાર મહેશભાઈ લાભશંકરભાઈ શુકલનો ઉલ્લેખ થયેલ છે. જે કુલમુખત્યારનામું અસ્તિત્વમાં હોવાનું રેકર્ડ પરથી ફલિત થાય છે. પરંતુ હાલ આ કુલમુખત્યારનામું અમારા અસીલ પાસે ઉપલબ્ધ નથી. જો કે ઉપરોકત વેચાણ–વ્યવહારની નોંધ સીટી સર્વે કચેરીમાં પ્રોપર્ટીકાર્ડમાં પડેલી છે અને પ્રમાણીત થયેલી છે.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૩ (ત્રણ)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૦/૧૦/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
**એડવોકેટ**

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી.**

અપીલ રજી. નં. ૧૦૩/૨૦૨૩

અરજદાર : શ્રી લાલજીભાઈ ધરમશીભાઈ વાઘેલા,
રે. ઢોલરવા, તા.જિ. અમરેલી.

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. ઢોલરવા, તા.જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારશ્રીએ તેમના પુત્ર વિનુભાઈ લાલજીભાઈ વાઘેલાનો જન્મ તા. ૧૨/૦૯/૧૯૮૨ ના રોજ અમરેલી તાલુકાના ઢોલરવા ગામે થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજ તા. ૨૩/૦૮/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૦ | ૧૬૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૪૦ | ૩૨૫૦ |
| ૩ | મગ | ૧૫૪૬ | ૧૯૮૦ |
| ૪ | અડદ | ૧૪૨૫ | ૧૭૭૫ |
| ૫ | ઘઉં | ૪૩૯ | ૪૯૧ |
| ૬ | ચણા | ૯૧૫ | ૧૦૭૫ |
| ૭ | બાજરો | ૩૪૫ | ૩૫૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૨ | ૧૩૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૬ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૨૬૧ |
| ૫ | તલ કાળા | ૨૧૧૦ | ૩૩૯૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૭ | બાજરો | ૩૫૪ | ૪૨૧ |
| ૮ | જુવાર | ૪૩૦ | ૧૦૯૯ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૬૪ | ૬૬૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૫ |
| ૧૧ | મગ | ૧૪૯૫ | ૨૦૧૦ |
| ૧૨ | અડદ | ૧૫૦૦ | ૧૮૭૦ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૨૬૮ |
| ૧૪ | કપાસ | ૯૯૦ | ૧૫૫૮ |
| ૧૫ | એરંડા | ૧૦૨૬ | ૧૧૩૧ |
| ૧૬ | રાયડો | ૮૭૫ | ૮૭૫ |
| ૧૭ | ધાણા | ૯૮૫ | ૧૨૧૫ |
| ૧૮ | સોયાબીન | ૬૦૦ | ૮૪૭ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૪ | ૧૫૨૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૨૦૧ | ૧૨૧૧ |
| ૩ | ચણા | ૯૫૦ | ૧૩૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૫૨ | ૨૯૫૨ |
| ૫ | જુવાર પીળી | ૬૫૦ | ૬૫૦ |
| ૬ | બાજરો | ૩૫૭ | ૩૫૭ |
| ૭ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | મકાઈ | ૫૦૭ | ૫૦૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૧૬૧ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૭૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૧ |
| ૭ | બાજરો | ૩૪૫ | ૩૯૧ |
| ૮ | મકાઈ | ૫૬૭ | ૬૪૧ |
| ૯ | અડદ | ૧૪૦૦ | – |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| ૧૧ | તુવેર | ૧૪૦૦ | ૧૬૮૬ |
| ૧૨ | એરંડી | ૧૧૩૫ | – |
| ૧૩ | સોયાબીન | ૬૭૫ | ૮૩૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૦૭૧ | ૧૩૫૩ |
| ૩ | ઘઉં | ૫૩૦ | ૫૩૦ |
| ૪ | ચણા | ૮૫૫ | ૧૦૭૧ |
| ૫ | બાજરો | ૪૧૫ | ૪૧૫ |
| ૬ | અડદ | ૧૬૩૫ | ૧૬૫૧ |
| ૭ | તલ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૮ | ધાણા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૯ | મેથી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૧૦ | સોયાબીન | ૭૬૭ | ૭૯૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૪૪ |
| ૨ | ચણા | ૧૦૬૧ | ૧૦૭૭ |
| ૩ | મગ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૪ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | સોયાબીન | ૭૫૫ | ૮૧૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૯ |
| ૭ | તલ સફેદ | ૨૯૦૫ | ૨૯૫૪ |
| ૮ | મકાઈ | ૨૭૦ | ૨૭૦ |
| ૯ | ધાણા | ૯૦૦ | ૯૫૫ |
| ૧૦ | મગફળી | ૬૫૧ | ૧૨૭૨ |
| ૧૧ | ચણા સફેદ | ૨૧૦૧ | ૨૧૦૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૨૫ | ૧૩૫૯ |
| ૨ | તલ સફેદ | ૨૮૦૧ | ૨૯૫૦ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૩૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૪૯ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૧૧૬૬ |
| ૭ | મકાઈ | ૫૫૨ | ૫૫૨ |
| ૮ | મગ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૯ | અડદ | ૧૩૬૧ | ૨૩૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૧ | ૧૧૬૦ |

### મહિલા દર્દીનાં ગર્ભાશયનું સફળ ઓપરેશન થયું

# સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દર્દીનારાયણ માટે આર્શીવાદરૂપ

## ડો.અઘેરા, ડો.સોની, ડો.તેરૈયાની ઉમદા કામગીરી

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા તાલુકા માટે આશીર્વાદ રૂપ ગણાતી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની સેવાની સુવાસ છેક રાજયભરમાં પડી રહી હોય ત્યારે દર્દીનારાયણ માટે આશીર્વાદ ગણાતી આ હોસ્પિટલમાં એક એવા દર્દી કે જેમની પીડાઓ અસહ્ય હતી ને દર્દીને ઘણા સમયથી પેટનો અસહ્ય દુઃખાવો રહેતો હોય લોહીના ટકા પણ પુરતા પ્રમાણમાં ના હતા ને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ગાયનેક વિભાગ દ્વારા તપાસ કરવામાં આવ્યા ડાઈગ્નોસીસ કરવામાં આવ્યું જેમાં ગર્ભાશયની કોથળી ખુબ જ મોટી હોય જે સાઈઝ ૨૦×૧૫ સેમી હતી અને અંદર મોટી ગાંઠ ૧૪×૧૨ સેમી હતી તેનું સફળતા પુર્વક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું ને કલાકોની જહેમત બાદ ઓપરેશનમાં ડોકટરોને સફળતા મળી હતી ને ડોકટરો દ્વારા મસમોટી ગાંઠને ઓપરેશન કરીને બહાર કાઢવામાં આવી હતી જેમાં ગાયકનો લોજીસ્ટ ડો.અઘેરા, ડો.સોની, (એનેથેસ્ટીક), ડો.મીરા તેરૈયા (મેડિકલ ઓફિસર), નર્સિંગ સ્ટાફનાં ઉપાસનાબેન, હેતલબેન, જાહવીબેન, અને રજનીશભાઈ દ્વારા ઓપરેશમાં સહભાગી થયેલા હતા ને સફળતા પુર્વક ઓપરેશન પાર પાડતા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં ટ્રસ્ટી મંડળ દ્વારા ડોકટરોને સ્ટાફ ને અભિનંદન આપીને બિરદાવ્યા.



# અમરેલી : જિલ્લા કલેકટર અજય દહિયાનાં અઘ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિને લઈને સમીક્ષા બેઠક યોજાઈ



અમરેલી, તા. ૧૦, આત્મા પ્રોજેકટ,અમરેલી દ્વારા પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિને લઈને સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાકૃતિક કૃષિ કલસ્ટર બેઈઝ તાલીમમાં થયેલ કામગીરી બાબતે ચર્ચા કરવામાં આવી હતી. સપ્ટેમ્બર મહીનાના અંત સુધીમાં જીલ્લામાં કુલ ૨૮૮૦ કલસ્ટર તાલીમો યોજવામાં આવી હતી. તાલીમમાં કુલ ૫૨૮૫૩ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના જુદા જુદા આયામો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જિલ્લામાં ખેતીવાડી અને આત્મા પ્રોજેકટના સ્ટાફ દ્વારા ૧૫૭૬ જેટલી ફિલ્ડ વિઝીટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આત્મા પ્રોજેકટ અને ખેતીવાડી સ્ટાફ દ્વારા ૪૮૮ જીવામૃતનાં નિદર્શન દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની માહિતી પણ આપવામાં આવી હતી.સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર દ્વારા દરેક તાલુકામાં આગામી રવિ ઋતુના લક્ષ્યાંક મુજબ દરેક કલસ્ટરમાં કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત દરેક ગામમાં ૭૫ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટે તાલીમો અને જીવામૃત નિદર્શનો વધુમાં વધુ આયોજિત થાય તેવું આયોજન કરવા તેમજ જીવામૃત તૈયાર મળી રહે તે માટે દરેક તાલુકાની ગૌશાળા અને પાંજરાપોળનો સંપર્ક કરી આ અભિયાનમાં તેઓને સામેલ કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આગામી ખરીફ સીઝનમાં પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત ખેત પેદાશોના વેચાણ માટે દરેક તાલુકામાં વેચાણ કેન્દ્રો ઉપર શાકભાજી અને કઠોળ તેમજ અન્ય ખેત પેદાશોનું અઠવાડિયામાં બે દિવસ વેચાણ શરૂ કરવા વિષયક ચર્ચા કરવામાં આવી હતી.

# સાવરકુંડલા : મુળ બાઢડા ખુમાણ પરિવારનાં બાળકોએ શૌર્ય પ્રદર્શન કર્યુ



સાવરકુંડલા, તા.૧૦, સાવરકુંડલા માં 'શૌર્ય' જાગરણ રથ'નું આગમન થયેલું, તેમના વધામણાં કરવા માટે ઘણી ધાર્મિક સંસ્થાઓ એ ભાગ લીધો હતો જેમાં ' દુર્ગા વાહીની' નામના દળના બહેનો તથા બાળકોએ અલગ અલગ વેશ ધારણ કરી ઐતિહાસિક પાત્રોનું ધાર્મિક પ્રદર્શન કરેલું જેમાં સનરાઈઝ સ્કુલમાં અભ્યાસ કરતા ધોરણ ૧૧ની વિદ્યાર્થીની અને ખુમાણ સજુભાઈ વિક્રમભાઈનાં દીકરી કેસરબાએ – 'રાણી લક્ષ્મીબાઈ' બનીને તલવાર બાજીનું પ્રદર્શન કરેલ તેમજ આ જ શાળામાં ધો.૫ માં અભ્યાસ કરતા તેમના બહેન ખુમાણ ધર્માક્ષીબા એ પણ મીરાંબાઈ બનીને ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. તો સાથો સાથ તેમનાં જ નાનાં ભાઈ અને સનરાઈઝ સ્કૂલમાં ધો.૨ માં અભ્યાસ કરતા ખુમાણ યુવંશ સજુભાઈ એ વીર ભગતસિંહ બનીને સારૂં એવું પ્રદર્શન કરેલ.

# અમરેલી : સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે હોકી રમત માટે ખેલો ઈન્ડિયા સેન્ટર શરૂ કરવામાં આવ્યું

અમરેલી તા.૧૦

સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત અમરેલી જિલ્લાના સ્પોટર્સ કોમ્પ્લેક્ષ ખાતે હોકીની રમત માટે ખેલો ઈન્ડિયા સેન્ટરનો શુભારંભ તા.૧/૧૦/૨૦૨૩ થી કરવામાં આવ્યો છે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


# રોગ અનુસાર દેશી ગાયના ઘીનો ઉપયોગ

## ગાયના ઘીના ઉપયોગથી માઈગ્રેન અને સોરાઇસીસ જેવી બીમારીને નિયંત્રિત કરી શકાય છે

દેશી ગાયના ઘીના વિવિધ ઉપયોગ પ્રાચીન સમયથી દર્શાવવામાં આવ્યા છે. જયાં કદાચ એલોપેથી દવાનો ઉપયોગ પણ નિષ્ફળ નીવડે ત્યાં દેશી ગાયનું ઘી અવશ્ય કામ કરે છે અને રોગનું ચોક્કસ નિદાન કરે છે. ગાયનું ઘી નાકમાં નાખવાથી કોઈપણ પ્રકારની એલર્જી પણ દૂર કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી લકવા રોગનું નિદાન થાય છે. ૨૦ થી ૨૫ ગ્રામ ગાયના ઘી સાથે સાકર મિશ્ર કરીને લેવાથી દારૂ, ભાંગ કે અન્ય કોઈપણ નશા છોડાવી શકાય છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી કાનના પડદા ઓપરેશન વગર ઠીક કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી દિમાગ તરોતાજા રહે છે. કોમામાં રહેલી વ્યકિતના નાકમાં ઘી નાખવાથી તેની ચેતના પાછી આવે છે. હાથ અને પગમાં જો બળતરા થતી હોય તો ગાયનું ઘી પગના તળિયા પર ઘસવું અસરકારક બને છે. જો એડકી સતત આવતી હોય તો અડધી ચમચી ગાયનું ઘી લેવાથી એડકી બંધ થઈ જશે. ગાયનું ઘી દરરોજ લેવાથી કબજિયાત અને એસિડિટીની સમસ્યા નિવારી શકે છે.

ગાયનું ઘી શકિત અને વીર્ય વધારે છે તેમજ શારીરિક અને માનસિક શકિતમાં પણ વધારો કરે છે. ગાયના ઘીને બાળકોની છાતી અને પીઠ પર માલિશ કરવાથી કફની સમસ્યા દૂર થાય છે. જો વધારે અશકિત લગતી હોય તો એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું ઘી અને સાકર નાખીને પીવાથી રાહત મળે છે. ગાયના ઘી દ્વારા શરીરમાં કેન્સરના કોષ જન્મતા અટકે છે.

આ ઉપરાંત શરીરમાં કેન્સરને ફેલાતું અટકાવે છે. જે વ્યકિતને હૃદય રોગની તકલીફ હોય અને તેલવાળું ખાવાની મનાઈ હોય એ વ્યકિત દ્વારા ગાયના ઘીના સેવનથી હૃદય મજબૂત થાય છે. દેશીગાયના સેવનથી આંતરડા અને સ્તનના



કેન્સરથી બચી શકાય છે. ગાયનું ઘી, છાલ સાથે પીસેલ કાળા ચણા તેમજ દળેલી ખાંડને મિશ્ર કરીને લાડુ બનાવી, દરરોજ સવારે એકદમ ચાવીને તેમજ હુંફાળું ગરમ દૂધ લેવાથી સ્ત્રી રોગમાં રાહત મળે છે તેમજ પુરૂષોનું શરીર બળવાન બને છે. સર્પદંશ થતાં ગાયનું ઘી ૧૦૦ થી ૧૫૦ ગ્રામ પિવડાવવું અને ત્યારબાદ હુંફાળું ગરમ પાણી બની શકે તેટલું પિવડાવવું જેનાથી ઊલટીની સાથે સર્પનું જેર બહાર આવશે. ગાયનું ઘી વજન સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે, ઉપરાંત કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે. સવારના સમયમાં ગાયનું ઘી નાકમાં નાખવાથી માઈગ્રેનની સમસ્યા દૂર કરી શકાય છે. માથું દુખવાને કારણે શરીરમાં ગરમી થતી હોય છે, ગાયના ઘીને પગના તળિયે ઘસવાથી માથાના દુખાવામાં રાહત થાય છે. ઠંડા પાણીમાં ગાયનું ઘી નાંખીને ઘીને પાણીથી અલગ કરવું, આ પ્રક્રિયા લગભગ ૧૦૦ વાર કરવી. ત્યારબાદ તેમાં થોડું કપૂર નાખવું.

આ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતું ઘી એક ઔષધિ બનશે જે ચામડીના રોગ માટે અતિ અસરકારક છે. આ મિશ્રણ સોરાઈસીસ માટે પણ અસરકારક છે.

જો ગાયના ઘીની થોડીક બૂંદ દિવસ દરમ્યાન નાકમાં નાખવામાં આવે તો શરીરના ત્રિદોષ એટલે કે વાત્ત, પિત્ત અને કફને નિયંત્રણમાં લાવી શકાય છે.

વંદે ગૌ માતરમ

–મિતલ ખેતાણી

(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# વડિયા : યુથ કોંગ્રેસના મહામંત્રીના જન્મદિને બાળકોને કીટ વિતરણ



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

વડિયા, તા.૧૦

વડિયાના ગ્રામ પંચાયતના સદસ્ય અને અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી જુનેદ ડોડીયાના જન્મદિવસ નિમિતે યુવાઓને પ્રેરણારૂપ ઉજવણી રૂપી એક અનોખો સંદેશો આપતા જોવા મળ્યા છે. તેમના જન્મદિવસ નિમિતે પોતાના વોર્ડમાં આવેલી સરકારી શાળા કે તે શાળામાં બાળપણમાં તેને પણ અભ્યાસ કાર્યો છે. તે સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો વચ્ચે જઈ તમામ બાળકોને શિક્ષણમાં મદદરૂપ થઈ શકે તેવી શૈક્ષણિક કીટ તમામ બાળકોને આપવામાં આવી હતી સાથે તમામ બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો.ગરીબ વિદ્યાર્થીઓ વચ્ચે મીત્ર સર્કલ સાથે જઈ સરકારી શાળામાં જન્મદિવસની ઉજવણી કરી યુથ કોંગ્રેસના મહામંત્રીએ અનોખી યુવાઓને ખોટા તાઈફાથી પર રહી યોગ્ય દિશામાં ગરીબ બાળકોને મદદરૂપ થવાની પહેલ કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં જિલ્લા કિસાન કોંગ્રેસના સત્યમ માકાણી, યુથ કોંગ્રેસના ભૌતિક પાંધી, દેવેન્દ્ર વાળા, શાળાના સ્ટાફ વિક્રમ બરાળીયા, કૃણાલ નિર્મળ સહિતના તેમના મીત્રવર્તુળના લોકોએ હાજરી આપી હતી.

### દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાનું વેચાણ કરવા માટે

# લાઠી સબ ડીવીઝનમાં પરવાનગી માટે તા.૧૬ ઓકટોબર સુધીમાં અરજી કરવી

અમરેલી,તા.૧૦

ગત વર્ષની જેમ ચાલુ વર્ષે સરકારની વખતો વખતની ગાઈડલાઈનને અનુસરીને ચાલુ વર્ષે આગામી તા.૧૨/૧૧/૨૦૨૩ના રોજ દિવાળીનાં તહેવાર દરમિયાન લાઠી સબ ડીવીઝનમાં આવેલ લાઠી અને બાબરા તાલુકામાં હંગામી / ટેમ્પરરી, દારૂખાનું / ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય એ માટે લાઈસન્સ ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૫/૧૦/૨૦૨૩ રાખવામાં આવી હતી.પરંતુ આ દિવસે જાહેર રજા હોવાથી હવે ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૬/૧૦/૨૦૨૩ને સોમવાર રાખવામાં આવી છે તેમ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠીની એક સુધારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ડિજિટલ ઈન્ડિયા ગામ અંતર્ગત

# કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ વર્કસ ખાતે સરકારી કર્મચારી દ્વારા CSC તાલીમ અપાઈ

## નવા CSC ખોલવા અને સહાય કરવા આશ્વાસન અપાયું



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

કોવાયા, તા.૧૦

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ કોવાયાના સીએસઆર વિભાગ દ્વારા આસપાસનાં ગામોનાં યુવાનોને સ્વરોજગારી માટે વિવિધ પ્રકારની તાલીમોનું આયોજન થતું રહે છે. જેનાં દ્વારા યુવાઓ પગભર થઈ પોતાની આજીવિકા ઉભી કરી શકે, આ હેતું અંતર્ગત સીએસઆર વિભાગ દ્વારા ડિજિટલ ગુજરાત ડીસ્ટ્રીક ઓફિસનાં અધિકારી અભય મોડાસીયાનાં સહયોગથી સરકારની વિવિધ યોજનાઓને સરળતાથી ગ્રામ્યજનો સુધી પોહચાડી શકાય અને ગામનાં યુવાઓ માટે રોજગારીની તકો ઉભી થાય તેવા હેતુથી સીએસસી (કોમન સર્વિસ સેન્ટર) અંગે તાલીમનું આયોજન કરાયું.

જેમાં અભય મોડાસીયા દ્વારા પીપીટીના માધ્યથી સીએસસી સેન્ટર દ્વારા વિવિધ સરકારી કામો જેવા કે વિવિધ યોજનાઓ માટે ભરવામાં આવતા આવેદનો, ચુંટણી કાર્ડની સેવાઓ પાન કાર્ડ અપ–ડેશન, રેલ ટિકિટ PMGDISHA પી.એમ.આવાસ યોજના, બેન્કિંગ પેન્શન યોજના સ્કિલ ઈન્ડિયા, તથા સ્વસ્થ અંતર્ગત સેવાઓ સરળતા કેવી રીતેથી ગ્રામ્યજો સુધી પહોંચાડી શકાય અને VLE (વિલેજ લેવલ ઈનટરપ્રેનુંય)ને કમિશન સ્વરૂપે રોજગારી પ્રાપ્ત થાય CSC સેંન્ટર દ્વારા VLE ને પ્રાપ્ત થતા આર્થિક લાભ અંગે પણ સવિસ્તાર જાણવા માં આવ્યું સાથે સાથે પ્રાઈવેટ સેકટર જેવા કે ટાટા 1Mg. કોમા વગેરે જેવી સંસ્થાઓ દ્વારા પણ MOU કરેલ છે. CSC દ્વારા આ સેવાનો ઉપયોગ કરવાથી VLE ને પણ આર્થિક લાભ પ્રાપ્પ થાય છે. અને ગ્રામ્ય લેવલે સરળતાંથી સેવાઓ મળી રહે તેવા ઉદેશ્ય સાથે વિવિધ લાભો વિષે સવિસ્તાર સમજવામાં આવ્યું.

આ તાલીમ કાર્યક્રમમાં રાજુલા તથા જાફરાબાદ તાલુકાનાં ૪૫ જેટલા VLE આ ભાગ લીધો, VLE દ્વારા આપવામાં આવતી સેવાઓ ખુબ માર્યાદિત હતી જેના કારણે તેમની અવાક પણ માર્યાદિત રહતી આ તાલીમ દ્વારા VLE યુવાઓ ને નવી ડિજિટલ સેવાઓ અંગે માહિતી મળી ઉપરાતં પ્રાયવેટ અને સરકારી કંપની બેને દ્વારા મળતા લાભ અને કમિશન અંગે પુરતી માહિતી અપાઈ.

CSR વિભાગ દ્વારા આસપાસનાં ગામોમાંથી યુવાઓને પ્રોતાહિત કરી ડિઝિટલ ગુજરાત આ CSC સેન્ટરેની સેવાઓને આર્થિક ફાયદાઓ વિષે સમજવા આ તાલીમમાં આવવાં પ્રોત્સાહિત કરાયાને પરિણામ સ્વરૂપ ગ્રામ્ય યુવકો દ્વારા CSC સેન્ટર ખોલવા માટે અભય મોડાસીયા આવેદન કરવામાં આવ્યું. સાથે CSR વિભાગ તરફથી આશ્વાસન આપવામાં આવ્યું કે નવા CSC ખોલવા અને ચાલુ CSC ને યથાશકિત નિયમો અંતર્ગત સહાય કરવા તત્પર રહશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા CSR ટીમ દ્વારા સફળ પ્રયાસ રહયો.

### ગીરગઢડા નજીક આવેલ

# ધોકડવા ગામની સેવા સહકારી મંડળીમાં 33 લાખ ૭૨ હજારની ઉચાપતથી ખળભળાટ

## સેવા સહકારી મંડળીનાં પ્રમુખ, મંત્રી સામે નોંધાઈ ફરિયાદ





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૧૦

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે આવેલ જુનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં નોંધાયેલ ધોકડવા સેવા સહકારી મંડળી લિ. માં ૨૦/૯/૨૦૨૩ સમય પહેલા કોઈપણ સમયે મંડળીના પ્રમુખ જેન્તી લખમણભાઈ માળવી તેમજ મંત્રી અશોક ગોકુળભાઈ બગીયાએ મળીને બેંકના ૧૩ સભાસદોના લીધેલ ધિરાણની રકમ ૩૦ લાખ ૭૨ હજાર જમા લઈને નોડયુ સર્ટિફિકેટ તેમજ નાણાંની પહોંચ આપી ઉપરોકત રકમ મંડળીના બેન્ક એકાઉન્ટમાં જમા નહીં કરાવી ખેડૂતો તેમજ બેંક સાથે વિશ્વાસઘાત કરી આ મંડળીનું રેકોર્ડ તપાસણી કરાવવા બંધાયેલા હોવા છતાં તપાસણી કરાવેલ નહીં અને ધોકડવા સેવા સહકારી મંડળીને ફડચામાં નાખી અપ્રમાણિકતાના ઈરાદે બેંકના વ્યાજ સાથેના કુલ નાણા૩૩ લાખ ૭૨ હજારની ઉચાપત કરી પોતાના અંગત ઉપયોગ માટે ખોટું રેકોર્ડ ઉભુ કરી પ્રમુખ અને મંત્રીએ એકબીજાને મદદ કર્યા અંગેની ગીર ગઢડા પોલીસ મથકમાં ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ટીંબી શાખા બ્રાન્ચના મેનેજર રોહિતભાઈ રામસીભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે અગાઉ મંડળીના પ્રમુખની ધરપકડ કરી લેવામાં આવી છે અને પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતા બુધવાર સુધી તેને રિમાન્ડ પર સોંપવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગીર ગઢડાના ખીલાવડ ગામે આવેલ સેવા સહકારી મંડળીમાં અગાઉ ૮૦ લાખનું કૌભાંડ બહાર આવ્યું હતું તે મંડળીના મંત્રી તરીકે પણ અશોક ગોકુળ બગીયા ફરજ બજાવતા હતા અને ત્યાંના કૌભાંડની તપાસ ચાલી રહી છે ત્યાં જ આ બીજુ કૌભાંડ બહાર આવ્યું છે. આવા કૌભાંડ અને સરકારી નાણા આવી અનેક મંડળીઓમાં થયા છે કે કેમ તેની તપાસ થશે ખરી ?

# બાબરા : પ્રાંત અધિકારી ટાંકની અન્યત્ર બદલી થતાં ઉષ્માભરી વિદાય અપાઈ

બાબરા, તા. ૧૦

લાઠી પ્રાંત અધિકારી ટાંકની બદલી થતાં તેમને ઉષ્માભરી વિદાય આપવા માટે બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. તેમજ બાબરા પીટીશન રાઈટર / સ્ટેમ્પ એસોસીએશનના પ્રમુખ તથા અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ મુન્નાભાઈ મલકાણ દવારા પ્રાંત અધિકારીની બદલી થતાં તેમને શ્રીફળ, સાકરનો પડો તેમજ શાલ ઓઢાડી તેમને વિદાય આપવામાં આવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે કરેલી કામગીરીને યાદ કરવામાં આવેલ અને સ્મરણો વાગોળવામાં આવેલ.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આ દરમ્યાન પ્રાંત અધિકારી ખૂબ જ ભાવુક થયેલ અને કહેલ કે 'હું ખેડુત પુત્ર છું જેથી ખેડુતોની વેદના સારી રીતે સમજી શકુ છુ' આ રીતે પ્રાંત અધિકારીએ પોતાના શબ્દમાં લાગણી વ્યકત કહેતા કે લાઠી પ્રાંત કચેરી તાબાના કોઈ પણ અરજદારના કામ માટે ગમે ત્યારે જરૂરીયાત હોય ત્યારે હું હંમેશા મદદગાર થઈશ.

તે રીતે પોતાની લાગણી વ્યકત કરેલ.

આ રીતે પ્રાંત અધિકારીને લાઠી મુકામે ઉષ્માભરી વિદાય આપવામાં આવેલ. આ તકે બાબરા પીટીશન રાઈટર / સ્ટેમ્પ એસોસીએશન વતી નરેન્દ્રભાઈ રાવળ તથા કિરીટભાઈ બગડા ઉપસ્થિત રહેલ.

## ગ્રામ્ય વિસ્તારોનાં માર્ગોની બગલમાં બાવળ સહિતનાં વૃક્ષોની જમાવટ

# અમરેલી જિલ્લામાં જંગલ કટિંગ ન થતાં વાહનચાલકો પરેશાન

જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાત અને અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની રજૂઆત

માર્ગ–મકાન વિભાગ દ્વારા જંગલ કટિંગ માટે સારા ચોઘડિયાની રાહ જોવાતી હોય તેવું લાગે છે

સામાન્ય રીતે ચોમાસાની વિદાય બાદ તુરત જ જંગલ કટિંગ કરવામાં આવતું હોય છે

જો કે માર્ગ–મકાન વિભાગ સ્ટાફ અને નાણાકીય જોગવાઈ ન હોવાનું જુનુ પુરાણુ ગીત ગાયા કરશે


પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લો એ સમસ્યાગ્રસ્ત છે કે સમસ્યાગ્રસ્ત વિસ્તારમાં જિલ્લો આવેલ છે તે સમજાતું નથી. એક તરફ બિસ્માર માર્ગો, બેફામ ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, ઉદ્યોગોની કમી, વિકરાળ બેરોજગારી, મંદી, ગંધાતા પાણીનું વિતરણની સાથે હવે ગ્રામ્ય વિસ્તારનાં માર્ગોની બગલમાં બાવળ સહિતનાં વૃક્ષોની ડાળીઓ ઘટાટોપ થતાં વાહન ચાલકોને માર્ગ પર પસાર થવામાં મુશ્કેલી થઈ રહી છે.

દરમિયાનમાં જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે જિલ્લા પંચાયતનાં

અનુસંધાન પાના ૬ ઉપર

### કોઈ મોટી દુર્ઘટના ન સર્જાતા હાશકારો

## બગસરાનાં હડાળા નજીક એસ.ટી. બસ અને ડમ્પર વચ્ચે અકસ્માત

### બસમાં સવાર ૪૫ મુસાફરોનો બચાવ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

બગસરા–કુંકાવાવ રોડ પર હડાળા ગામ નજીક એસ.ટી. બસ અને ડમ્પર વચ્ચે સર્જાયો અકસ્માત. કોઈ મોટી દુર્ઘટના ન સર્જાતા એસ.ટી. તંત્રએ હાશકારો લીધો. એસ.ટી. હમારી સલામત સવારેને નડયો અકસ્માત. ઉના–રાજકોટ રૂટની એસ.ટી. બસ બગસરાથી રાજકોટ તરફ જઈ રહી હોય તે દરમિયાન હડાળા ગામ નજીક ડમ્પર પાછળ ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. એસ.ટી. બસમાં આસરે ૪૫ મુસાફરનો થયો આબાદ બચાવઈ કોઈ મોટી દુર્ઘટનાઓ ન સર્જાતા એસ.ટી. તંત્રએ હાશકારો લીધો હતો. ઘટનાની જાણ થતાં એસ.ટી. તંત્ર અને પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. જેમાં એસ.ટી. બસનાં આગળ ના ભાગે નુકસાન થયાનું સામે આવ્યું હતું. પોલીસે તપાસ કરી એસ.ટી. વિભાગના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં શુધ્ધ પીવાનું પાણી મળતું નથી

## અમરેલી, બાબરા, લાઠી, દામનગર સહિત અનેક વિસ્તારોમાં ડહોળા પાણીનું વિતરણ થતાં રોષ

### છેલ્લા ૧૫ દિવસથી સમસ્યા યથાવત કોઈ નિરાકરણ થતું નથી

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં ઘરે–ઘરે પંચાયત કે પાલિકા ધ્વારા પીવા માટે વિતરણ થતાં નર્મદાનાં પાણીનું યોગ્ય ફિલ્ટર કર્યા વગર ૧૫ દિવસથી વિતરણ થતાં રોગચાળાનો માહોલ ફેલાયો હોય પૂર્વ સાંસદે પાણી–પુરવઠા મંત્રીને પત્ર પાઠવેલ છે.



પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા સહિત બાબરા, લાઠી અને દામનગર શહેરમાં હાલ ગંદુ પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગંદા પાણી વિતરણ કરવાનાં કારણે આ વિસ્તારનાં લોકોનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે. અનેકવાર ગામલોકો, આગેવાનો તરફથી રજૂઆતો કરવા છતાં તંત્ર ધ્વારા શુધ્ધ પાણી વિતરણ કરવામાં આવતું નથી. પ્રેસ મીડિયામાં પણ સમાચાર પ્રસિધ્ધ થયેલ હોવા છતાં પણ તંત્ર આ બાબતે ધ્યાન આપી રહ્યું નથી. તેથી આ બાબતે આપના લેવલેથી સ્થાનિક તંત્રને કડક સુચના આપી તાત્કાલીક અસરથી બાબરા– લાઠી અને દામનગર શહેરમાં શુધ્ધ પાણી વિતરણ કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવા પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે માંગ કરેલ છે.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)

દુનિયામાં બે ફૂલો એવા છે.... જે કદી કરમાતા નથી... અને જો કરમાઇ જાય ને તો લાખ કોશિશ કરો તો પણ કદી ખીલતા નથી... એક છે પ્રેમ અને બીજો છે વિશ્વાસ...

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166


### આધુનિકતાની દોડમાં બાળકો પણ હડફેટે આવ્યા

## અરેરાટી : દામનગરમાં ૧૩ વર્ષિય કિશોરે ટુવાલ વડે ગળાફાંસો ખાઈ લીધો

### પિતાએ ઠપકો આપતાં કિશોરે અંતિમવાટ પકડી

દામનગર, તા. ૧૦

દામનગરમાં ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ૧૩ વર્ષના સગીરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. વાલીઓની આંખ ઉઘાડતો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આ બનાવની જાણવા મળેલ વિગત મુજબ દામનગરમાં કોળીવાડ વિસ્તારમાં રહેતા રમેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### બાતમીનાં આધારે પોલીસ વોચમાં હોય તે સમયે

## બાબરા પોલીસની જીપ સાથે બોટાદથી યુવતીનું અપહરણ કરી ભાગેલ ફોર વ્હીલ ચાલકની ટક્કર

### પોલીસે કારનાં ચાલકની અટકાયત કરી ધોરણસર કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૦

બાબરા પોલીસ સ્ટેશનમાં આર્મ હેડ. કોન્સ. તરીકે ફરજ બજાવતા બાબુભાઈ આલાભાઈ પરમાર ગઈકાલ તા. ૯ રોજ રાત્રીના સમયે તેઓ તથા બાબરા પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે હાઈવે રોડ ઉપર સરકારી મહિન્દ્રા બોલેરો વાહન ગાડી પી–૧૯૧ નંબર જીજે–૧૪ જીએ ૧૨૪૫ ની લઈને પેટ્રોલીગમાં હતા. ત્યારે બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા ફરતા કરીયાણા ગામે આવતા અમોને ખાનગીરાહે હકિકત મળેલ કે બોટાદ ખાતેથી એક સફેદ કલરની

અનુસંધાન પાના ૬ ઉપર


ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

NCT
NETRA CHIKITSA AYURVED COLLEGE
CHITTAL ROAD, AMRELI, GUJARAT 365601
REQUIREMENT OF TEACHING STAFF
Netra Chikitsa Ayurved College invites applications for the following TEACHING STAFF for BAMS Course

| Sl no | Name of the post | Department | Nos |
|---|---|---|---|
| 1 | Assistant professor | Sahrir kriya | 1 |
| 2 | Asst professor | sharir rachana | 1 |
| 3 | Assistant professor | Rognidhan | 1 |
| 4 | Associate professor | samhita | 1 |
| 5 | Associate professor | Panchakarma | 1 |
| 6 | Associate professor | RSBK | 1 |
| 7 | Associate professor | Sharir rachana | 1 |
| 8 | Associate professor | Shalakhya | 1 |

1) Above mentioned post is on regular basis.
2) Educational qualification and Experience required (If) are as per the Recruitment Rules of Gujarat Ayurved University, Jamnagar.
3) Detailed advertisement, recruitment rules and other details can be found on https://www.nctayurvedacollege.in/and www.ayurveduniversity.edu.in
4) In service candidate should attach no objection certificate or produce it at the time of interview.
5) Contact no 9978966629
Email : netramayu@gmail.com

Date : 10-10-2023
Management
Netra Chikitsa Trust

Netra Chikitsa Ayurved College
Chittal Road, Amreli, Gujarat
365601


## શ્રધ્ધાંજલિ/બેસણું

કુટુંબનું વટ વૃક્ષ આજ અચાનક પાનખર બની સુકાઈ ગયું તમારી હુંફ અને લાગણી હરહંમેશ અમને આશિર્વાદ સમાન હતી પરંતુ ઈશ્વર કંઈક જુદુ વિચારતા હશે આપની અમ વચ્ચેથી અચાનક વસમી વિદાય થઈ બસ આપના દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...


સ્વ. છગનભાઈ ગોરધનભાઈ શેલીયા
(C.G. Patel)
(ઉ.વર્ષ : ૫૭) ગામ : બાબરા
સ્વ. તા. ૦૭/૧૦/૨૦૨૩

સદ્દગતનું બેસણું તા. ૧૨/૧૦/૨૦૨૩ ને ગુરૂવારે સવારે ૯ થી ૪ કલાકે રાખેલ છે.

સ્થળ ગોરધનભાઈ શેઠનાં નિવાસ સ્થાને અમરાપરા, બાબરા

લિ.

રમેશભાઈ છગનભાઈ શેલીયા
સાગરભાઈ છગનભાઈ શેલીયા
કિશોરભાઈ ગોરધનભાઈ શેલીયા
મહેન્દ્રભાઈ ગોરધનભાઈ શેલીયા
અશોકભાઈ રવજીભાઈ શેલીયા
કાનજીભાઈ રવજીભાઈ શેલીયા
અરૂણભાઈ મહેન્દ્રભાઈ શેલીયા
અક્ષયભાઈ કિશોરભાઈ શેલીયા

ધવલ મહેન્દ્રભાઈ શેલીયા : ૯૦૯૯૦ ૩૨૦૩૩ / ૯૪૨૬૧ ૦૨૪૯૧

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)